॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥

# ॥ વેદ રહસ્ય ॥





## પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીની પ્રતિકૃતિ

# અખંડ આનંદ ધામ

મુ. ચાણોદ, તા. ડભોઈ, જિ. વડોદરા. ફોન નં: (૦૨૬૬૩) ૨૩૩૩૬૨

વર્ષ ૩૭ સંવત ૨૦૭૧ ભાદરવો, ઓક્ટોમ્બર – ૨૦૧૫, અંક – ૧૦

પ.પૂ. સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીના સાનિધ્યમાં તેમની છત્રછાયામાં
પ.પૂ. સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને
પ.પૂ. અનંત શ્રી વિભુષીત સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો નિર્વાણ જયંતિ મહોત્સવ
વિક્રમ સંવત ૨૦૩૩ માગશર વદ સાતમને સોમવાર, તા. ૧૩-૧૨-૧૯૭૬માં
ગામ આકરૂ તા. ધંધુકા, જી. અમદાવાદ માં ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રી

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રી

**સંપર્ક : ગોરધનભાઈ - મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૩૭ / ઓક્ટોબર-૨૦૧૫ / અંક-૧૦


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્<br>કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | અભ્યાસ અને અધિકાર<br>લેખક – શિવ |
| ૯ | સ્વરૂપની મસ્તીનો આનંદ<br>કેશવભાઈ ગીગાભાઈ ભરોડિયા-પાલડી |
| ૧૧ | જીવાત્માની બ્રહ્મ સાથે..<br>જયેશ તુલસીભાઈ વાલાણી (ચમારડી) |
| ૧૨ | નિષ્કામ કર્મથી મળે...<br>સંદિપભાઈ એલ. દેસાઈ (જીવાપર) |
| ૧૩ | અર્થ સાથે ભજન<br>મફતલાલ (આદિવાડા) |
| ૧૪ | બાળ કેળવણી (ભાગ-૪)<br>લવજીભાઈ કે. સવાણી (નાવડા) |
| ૧૫ | સદ્ગુરૂનો મહિમા<br>ધામેલીયા પાર્થ પ્રવિણભાઈ (નવા નાવડા) |
| ૧૫ | સદ્ગુરૂજીને સંદેશો<br>વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસિયા (પીપળીયા) |
| ૧૬ | પરમાત્મને તત્ત્વથી જાણો<br>રેખાબેન આર. મયાણી (ભાવનગર) |
| ૧૮ | મધર્સ ડે<br>જીગ્નેશભાઈ દામજીભાઈ માંગુકીયા (દડવા) |
| ૧૯ | કીર્તન |
| ૨૧ | સત્સંગ સમાચાર<br>સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર<br>સંકલિત |


જય સચ્ચિદાનંદ
ૐ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

*અંગં ગલિતં પલિતં મુણ્ડં, દશન વિહીનં જાતં તુણ્ડમ્ ।*
*વૃદ્ધોયાતિ ગૃહિત્વા દણ્ડં, તદપિ ન મુંચત્યાશાપિંડમ્ ।*
*ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥૪॥*

### ભાવાર્થ

*અંગો ગળી ગયાં, માથાનાં વાળ પાકી ગયા (ધોળા થઈ ગયા) મોઢામાં દાંત રહ્યા નહિ, ઘરડો થઈ ગયો, તો પણ આશા દેહને છોડતી નથી, તેથી હે મૂઢ ! નિરંતર ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃગ્ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય. ॥૪॥*


**: માધવ પીઠાધીપતિ :**
"પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય"

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત-૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૬ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :

**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**"વેદ રહસ્ય કાર્યાલય"**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

**લોભ :-**

ત્રીજો લોભ. તો ધ્યાનથી યાદ કરો કે જેટલા પાપ થાયને એના મૂળ બાપ કોણ છે ? બોલો ? લોભ એટલે વિષયનો લોભ હોય પુત્રેષ્ણા વિત્તેષ્ણા લોકેષ્ણા કોઈપણ પ્રકારનો વિષયનો લોભ હોય એ બધા પાપો કરાવશે ને-

**પાપં કૃત્વા દુર્ગતિં યાન્તિ લોકા**

તો મારે હવે પાપ કરીને દુર્ગતિમાં નથી જવું. મારે તો હવે મોક્ષ સુખના ભાગીદાર થવું છે હવે હું મુક્ત છું તો મારે આ પાપમાં પડવાની શી જરૂર અને બહાર પદાર્થોમાં સુખ નથી.

**સુખ રે નથી આ સંસારમાં,**
**ભૂલ્યો મન ભમરા તું કયાં ભમ્યો,**
**ભમ્યો દિવસ ને રાત, માયાનું બાંધેલ પ્રાણીયો**
**સમજ્યો નહિ શુદ્ધ વાત,**
**ભૂલ્યો મન ભમરા તું કયાં ભમ્યો.**

તો લોભ કરાવે પાપ અને પાપ અધોગતિમાં લઈ જાય. એટલા માટે મારે લોભ કરવો નથી.

**સહજ મળ્યા સો દુધ બરાબર**
**માંગ લીયા સો પાણી**
**ખેચ લીયા સો રક્ત બરાબર**
**ગોરખ બોલે વાણી**

એટલે સહજ મળે તો આવવા દેવું કેમકે કર્માનુસાર જે ભાગ્યમાં હશે એ મળવાનું બધાને છે છે ને છે.

**દેહના ભાગ્યે જેવા જેને ફળ મળે રે,**
**તેને ભોગવવા આનંદ ભેર,**
**ચિંતા રહિત જીવો પુરી જીંદગી રે,**
**યદૃચ્છાલાભસંતુષ્ટો, દ્વન્દ્વાતીતો વિમત્સરઃ,**
**સમઃ સિદ્ધાવસિદ્ધૌ ચ, કૃત્વાપિ ન નિબધ્યતે.**

(ભગવદ્‌ગીતા-૪-૨૨)

ગીતાના ચોથા અધ્યાયમાં ભગવાને કહ્યું છે કે ભાગ્યમાં જે મળે. એમાં સંતોષ રાખીને રહે, દ્વંદ્વાતીત રહે એટલે રાગ અને દ્વેષ ન કરે, લોભ અને મોહ નો કરે, કામ અને ક્રોધમાં ન ફસાય, હું વધતો ય નથી ને ઘટતો ય નથી એમ સમજીને દ્વંદ્વાતીત થઈને રહે અને નિરાશય રહે કોઈની આશા (આશ્રય) રાખે નહિ અને સિદ્ધિ અસિદ્ધિ મળે કે ન મળે એમાં સમાન ભાવ રાખે **'કૃત્વાપિ ન નિબધ્યતે'** કે જગતનો વહેવાર કરવા છતાં એને કોઈ બંધન થતું નથી. એટલા માટે કામ, ક્રોધ, લોભ, મોહ જે જીતે એ ધીર કહેવાય. એ જ આ પરમાત્માને રસ્તે વધારે ટકી શકે છે. કામી, ક્રોધી, લોભી જીવો તો જગતને માર્ગે ચાલ્યા છે ચાલે છે અને આગળ પણ ચાલશે. એની દેખાદેખી કરવાની જરૂર નથી શાસ્ત્રો જે કહે એને સમજીને જીવનમાં ઉતારવું. આગળનો પ્રસંગ ભગવાનની દયા હશે તો શ્રવણ કરશું. અત્યારે ધ્યાનથી યાદ રાખો વિવેક અને વૈરાગ્ય એ ખૂબ સાધનો રાખીને પ્રભુ પરાયણ થવું ભગવાન સર્વને સર્વ પ્રકારે સુખી કરે એવી પ્રાર્થના કરીએ કે-

**સર્વત્ર સુખીનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્દુઃખ ભાગભવેત**

પ્રિય સજ્જનો આ ઉપનિષદોનો સ્વાધ્યાય ચાલે છે. કઠોપનિષદમાં કથાનો પ્રસંગ એવો છે કે વાજશ્રવા નામના ઋષિએ સર્વસ્વ દાન આપે એવો

યજ્ઞ કર્યો. એમાં સંપૂર્ણ ધન દાનમાં આપવાનું હતું. પણ પુત્રને જોઈને એને મોહ થયો. એટલે સારી સારી ગાયો જે સારું ધન હતું એ પુત્રને નામે કરી દીધું. જે ન કામમાં આવે એવી વસ્તુઓને દાનમાં દેવાની શરૂ કરી ત્યારે પુત્રને મનમાં વિચાર આવ્યો શ્રદ્ધા આવી કે આવા દાનથી પિતાને નરકમાં જવું પડશે.

**''પું નામ નરકાત્ તારયેતિ પુત્ર''**

નરકમાંથી જે પિતાની રક્ષા કરે એને પુત્ર કહેવાય છે. મારી ફરજ છે કે પિતાનો નરકમાં ન જવું પડે એવું કંઈ કરું. તો એણે વિચાર કરીને કહ્યું કે, હે પિતાજી ! હું તમારું ધન છું તો તમે મને કોને દાનમાં આપશો ? એકવાર, બેવાર, ત્રણવાર કહ્યું ત્યારે વાજશ્રવા ઋષિના અંદર ક્રોધ આવ્યો. એણે જોશમાં કહી દીધું કે-

**મૃત્યવે ત્વા દદામિ ।**

કે હું તને મૃત્યુને આપું છું. ફરીન પણ એમને દેવાની ઈચ્છા ન થઈ. બોલ્યા ખરા. ત્યારે નચિકેતાએ કહ્યું કે, હે પિતાજી ! તમારા વચનનું પાલન કરો. આ જગત તો **'સસ્યમિવાઽઽજાયતે'** કે ઘાસ સમાન ઉત્પન્ન થાય છે ને ઘાસ સમાન પાછું સૂકાય પણ જાય છે. જગતને જન્મવું ને મરવું, જન્મવું ને મરવું એ અનાદિ કાળથી ચાલ્યું આવે છે. કોઈ અમર થયા નથી ને થશે નહિ. ફુલની સમાન ખીલે છે ને કરમાય છે. ખીલે છે ને કરમાય જાય છે.

**માળી વેડે ફુલવાડીઓ રે, કળી કરે રે વિચાર;**
**આજનો દિવસ ઉગર્યા, કાલે આપણે શિરમાર;**
**જીવો માણી ગરબંદલા, હેતે પ્રભુરસ પીજીએ;**
**મરનારાંને તમે શું રૂવો રે, રોનારાં મરનાર;**
**જન્મ્યાં તે જાશે વળી, જાશે જણનાર;-જીવો.**
**કે'નાં છોરૂં ને કે'નાં વાછરૂં રે, કે'નાં માયને બાપ;**
**અંતકાલે જાવું એકલાં, સાથે પુણ્યને પાપ;જીવો.**
**ધીરો ફરે રંગરેલમાં રે, ફરે દિવસને રાત્ય;**
**મારૂં મારૂં મિથ્યા કરો, ગ્રહો સદ્ગુરૂનો સાથ;જીવો.**

(ધીરાભક્ત)

નચિકેતાએ કહ્યું કે, હે પિતાજી ! આ બધું તો નશ્વર છે. એટલે તમારા વચનનું પાલન કરો. પૂર્વજોની પરંપરા નીભાવો, આગળની પેઢી પણ બગડે નહિ એની દેખરેખ રાખો. આ રીતે કહેવાથી વાજશ્રવાની આજ્ઞાથી નચિકેતા યમરાજાને ત્યાં સશરીરે જાય છે. યમરાજા બહાર ગયેલા હોવાથી ત્રણ દિવસ સુધી નચિકેતા ભોજન કર્યા વગર એમને ત્યાં રહ્યા. જયારે યમરાજા આવે છે તો એના ઘરવાળાએ કહ્યું કે તમે એનું સ્વાગત કરો. અતિથિ એ સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે. ત્યારે યમરાજા એમને (નચિકેતાને) આવીને કહેવા લાગ્યા તમે ત્રણ વરદાન માંગો.

નચિકેતાએ પ્રથમ વરદાનમાં પિતાની શાંતિ માંગી બીજા વરદાનની અંદર યજ્ઞનું જ્ઞાન માંગીને સ્વર્ગની પ્રાપ્તિ કરવાના સાધનો જાણ્યા ત્રીજા વરદાનની અંદર પૂછ્યું કે, જીવ આ શરીર છૂટયા પછી આત્મા રહે છે કે નથી રે'તો. કોઈ કહે છે કે રહે છે ને કોઈ કહે છે નથી રે'તો. એમાં શું નિશ્ચિત છે એ જાણવાની જીજ્ઞાસ કરી તો અહીંથી ખાસ ઉપનિષદોનો મુખ્ય વિષય છે કે બધાયે જાણવું જોઈએ કે આ શરીરથી અતિરિક્ત કોઈ તત્ત્વ છે કે નથી. છે તો કેવું છે ? કેવડું છે ? કયાં રહે છે ? કયાંથી આવ્યું છે ? એનું શું ખરું સ્વરૂપ છે ? એ જાણવાની જીજ્ઞાસાનું નામ જ ઉપનીષદો છે. જે માનવને પોતાના ખરા સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. જે જ્ઞાન થવાથી

**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિ-મચિરેણાધિગચ્છતિ**

(ગીતા-અ.-૪-૩૯)

જે જ્ઞાન થવાથી માનવને પરમ શાંતિ થઈ જાય છે. પછી કોઈ પ્રકારની અશાંતિ કે વાસના કામ, ક્રોધ, લોભ, મોહ રહેતા નથી. સર્વ પ્રકારે માનવ મુક્ત થઈ જાય છે. શુદ્ધ, બુદ્ધ, અસંગ, નિર્લેપ થઈ જાય છે. એટલા માટે આ તત્ત્વજ્ઞાનને ધ્યાનથી પ્રેમથી સાંભળો.

**સાંભળ શુદ્ધ ચિત્તે કરી, પ્રભુના ગુણ ગાન,**
**પ્રીત સહિત નિત્ય નાથનું,ધરીએ રૂદીયામાં ધ્યાન,**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી....**

ચિત્ત ત્રણ પ્રકારનું બને છે. તમોગુણી, રજોગુણી અને સત્ત્વગુણી. તો ઊંઘતું ચિત્ત જે હોય તે તમોગુણી કહેવાય. એટલે કથામાં ઊંઘવું નહિ. ઊંઘ એ વિઘ્ન છે. ઘણાંને રાત્રે ઉજાગરો હોય, થાક્યા હોય તો કે' લાવો આ કથામાં ઊંઘી લ્યો થોડીવાર. તો-

**આળસ આણી રે ઊંઘમાં અભાગીયા રે,**
**જોને તારો અવસર વીતી જાય,આળસ આણી...**

(પ્રિતમદાસજી...)

**ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત । ક્ષુરસ્ય**
**ધારા નિશિતા દુરત્યયા દુર્ગં પથસ્તત્કવયો વદન્તિ ॥**

(કઠો.-૧-૩-૧૪)

વેદો પણ કહે છે કે ઊઠો જાગો અને સત પુરુષોની પાસે જઈ પોતાના ખરા સ્વરૂપને જાણો. નહીં જાણોને તો ઊંઘતા રહેશો અને પાછળથી તમારું જે છે

એ બધું લૂંટાઈ જશે.

**ઊઠ જાગ મુસાફીર ઘોર ભયી,**
**અબ રેન કહાં જો સોવત હે,**
**જો સોવત હે સો ખોવત હૈ,**
**જો જાગત હે સો થાવત હે,**
**ઊઠ જાગ.....**

તો કથામાં ધ્યાન ધરીને પેલા એ કરવું કે સૂવું નહીં. ઊંઘતો હોય એ તમોગુણી કહેવાય. કેવા કહેવાય ? બોલો.... એટલે એનું મન મેલું કહેવાય. શુદ્ધ ચિત્તે સાંભળવું હોય તો તમોગુણને દૂર કરવો. પછી રજોગુણમાં ચંચળતા હોય મન જો ભાગતું હોય દુકાનમાં, ઘરમાં, વ્યાપારમાં, ધંધામાં, સ્કુટર, પુત્ર, પત્નીમાં કે આકાશ પાતાળમાં કે કયાંય જો મન બહાર ભાગતું હોય, જે લક્ષને માટે બેઠા હોય એમાં મન ન લાગે તો સમજવું કે એ રજોગુણી છે. અને તમોગુણી રજોગુણીને કોઈ દિ' જ્ઞાન થતું નથી. તો કોને જ્ઞાન થાય-

**સત્ત્વાત્સંજાયતે જ્ઞાનં રજસો લોભ એવ ચ ।**
**પ્રમાદ મોહૌ તમસો ભવતોઽજ્ઞાનમેવ ચ ॥**

(ગીતા-૧૪-૧૭)

કે સત્ત્વગુણ હૃદયમાં જયારે જાગ્રત થાય મન સાત્ત્વીક રે' એટલે સમજતું રહે ને સ્થિર રહે, ઊંઘે યા નહીં ને ભાગે પણ નહીં. તો કથામાં ખાસ કરીને મનને ભાગવા ન દેવું ને ઊંઘવા ન દેવું. પ્રેમથી ધ્યાનથી સાંભળો કે આ ઉપનિષદોનું રહસ્ય અત્યંત ઉત્તમ છે.

તો નચિકેતાએ જયારે એ વરદાન માંગ્યું કે આ શરીર મર્યા પછી કોઈ તત્ત્વ રહે છે કે નથી રહેતું ? એ હું જાણવાની ઈચ્છા કરું છું તો યમરાજા એ પરીક્ષા લેવા માટે કહ્યું કે આ બધું જ્ઞાન બહુ અઘરું છે. દેવોએ જાણવા માટે મહેનત કરી છતાં એને મળ્યું નહીં, તો હું તને અનેક પ્રકારના ભોગો આપું અને પુત્ર, પત્ની, ધન, રથ, સ્વર્ગના ભોગો પણ આપું અને લાંબુ આયુષ્ય પણ આપું એમ અનેક પ્રકારનો લોભ આપ્યો. છતાં નચિકેતાએ કહ્યું કે એ બધું મરવાવાળું છે. નાશવાળું છે. ઈન્દ્રિઓની શક્તિને ઘટાડવા વાળું છે. એટલા માટે એ હાથી ઘોડા જે કંઈ સંસારના ભોગો છે એ તમારી પાસે રાખો. પણ મારે તો એ જ વરદાન જોઈએ છે. અને તમે મારી ઉપર રાજી થયા છો. તો મને ધન ય મળશે ને આયુષ્ય ય મળશે. એ તો બધું મળ્યા જ કરવાનું છે. પણ આ જ્ઞાન કોઈ બીજે જન્મે મળતું નથી. સંસારના વિષયો તો ઘણાંય ઘણાં જન્મોમાં મળ્યા છે ને અત્યારે મળે છે ને આગળ પણ મળશે. પણ બ્રહ્મનો જે આનંદ પરમાત્માનું જે જ્ઞાન બ્રહ્મજ્ઞાન એ જન્મો જન્મમાં મળતું નથી. એટલે તમે રાજી થયા છો તો કૃપા કરીને વરદાન આપ્યું છે. તમને ખબર હોય કે આ શરીર છુટયા પછી આત્મા રહે છે કે નથી રહેતો.

આ રીતે બહુ દ્રઢતા જોઈ ત્યારે યમરાજાએ કહ્યું કે શ્રેય અને પ્રેય બંને માનવની સામે છે. માનવ બંને રસ્તે ચાલી શકે છે. એમાં શ્રેય ગ્રહણ કરવાવાળાનું કલ્યાણ થઈ થાય છે અને પ્રેયમાં પડયા રહેવાવાળા જીવો ભલે ઉપરથી સુખી દેખાય પણ અંતમાં એને મહાદુ:ખી થવું પડે છે. એટલા માટે ભલે પ્યારી વસ્તુ હોય પણ એનો ય પરમાત્માની અનુભુતિ માટે ત્યાગ કરવો જોઈએ. જયાં સુધી જીવ શરીરમાં પ્રાણમાં પુત્રમાં પત્નીમાં ધનમાં લાગ્યો રહેશે ત્યાં સુધી પરમાત્માનો લાભ લીધો નથી. પરમાત્મા અંદર છે. ઘટઘટમાં છે, કણકણમાં છે. પણ આ મન પુત્ર, પત્ની, ધન, મકાનમાં ભાગ્યુ જાય છે એટલે પરમાત્માનો લાભ લેતું નથી. પરમાત્મા ય છે. બંને હાજરા હાજુર છે એટલે જ વિવેક કરવાનો છે. **'विविनक्ति धीरा:'** તો યમરાજાએ પછી નચિકેતાની પ્રશંસા કરતાં કહ્યું કે તે આ મહા મોહ છોડયો તે આ અત્યંત પ્રકારના મેં સુંદર સુંદર ભોગો દીધા પણ તે લીધા નહીં એટલા માટે તું મહાન વિદ્યાનો અધિકારી છે.

**विद्याभीप्सिनं नचिकेतसं मन्ये**
**न त्वा कामा बहवोऽलोलुपन्त ॥ ४ ॥**

કે તું પરમાર્થની ઈચ્છાવાળો છો પ્રકાશની ઈચ્છાવાળો છો, તું પરમ સત્યની ઈચ્છાવાળો છો, તું પરમ અમૃતની ઈચ્છાવાળો છો એટલા માટે તને ભોગ મોહમાં નાખતા નથી. લોભમાં નાખતા નથી તો ધ્યાનથી યાદ રાખો તમારે પરમ સત્ય જોઈએ છે કે અસત્ય જોઈએ છે ? અમર જોઈએ છે કે મરવાવાળું જોઈએ છે ? અજવાળામાં રહેવું છે કે અંધારામાં ? તો સંસારના ભોગોમાં જે રચ્યા પચ્યા રહેને એ ખોટામાં રહે છે. કેમ કે પરમાત્મા પરમ સત્ય છે ને જગત (મિથ્યા) અસત્ય છે.

**''બ્રહ્મ સત્યમ્ જગત્મિથ્યા જીવો બ્રહ્મૈવ નાપર: ।''**

**''અવિનાશી આતમ અચલ,જગ તાતૈ પ્રતિકુલ,**
**એસૌ જ્ઞાન વિવેક હૈ, સબ સાધન કો મૂલ.''**

(વિચાર સાગર-૧૩)

કે આત્મા પરમાત્મા જ અવિનાશી છે એ જ પરમ સત્ય છે. બીજું તો આજ છે ને કાલે વયું જશે.

**આ રંગ પતંગનો રે (૨),**
**કાલે ઊડી જવાનો છે**
**અંતે રંગ પતંગ જાશે ઊતરી,**
**કાચી કાયા નહીં આવે કશે કામ;**
**અવસર આવો નહીં મળે,**
**માટે સ્મરણ કરો શુદ્ધ ભાવથી,**
**ટળે તન મન કેરા વિકાર; અવસર....**
**ભજો પ્રિતમ બ્રહ્મ સ્વરૂપને,**
**જેનો મહિમા છે અગમ અપાર; અવસર...**
(સ્વામી પ્રિતમદાસજી)

તો પરમાત્મા પૂર્ણ છે વ્યાપક છે દિવ્ય છે મંગળમય છે. પરમાત્મા તેજોમય જ્ઞાન સ્વરૂપ છે. પરમાત્મા અમર સ્વરૂપ છે. એટલે જે લોકો પરમાત્મામાં રહે છે એ તો પરમ સત્યના ભાગીદાર થાય છે. એ પરમ પ્રકાશના ભાગીદાર થાય છે. એ પરમ આનંદના ભાગીદાર થાય છે અને પરમાત્માને છોડીને જે બીજામાં રચ્યા પચ્યા રહે છે એ ખોટામાં રહે છે અંધકારમાં રહે છે અને વારંવાર પછી મૃત્યુમાં પડે છે.

**પુનરપિ જનનં પુનરપિ મરણં**
**પુનરપિ જનની જઠરે શયનમ્** (ચર્પટ પંજરી)

એટલા માટે કહે છે કે તું તો આ વિદ્યાની ઈચ્છાવાળો છો. પ્રકાશની ઈચ્છાવાળો છો અને જયારે બીજા અજ્ઞાની જીવો કયાં રમે છે ! એની માટે હવે આગળ કહે છે-

## अविद्याग्रस्तोंकी दुर्दशा

**अविद्यायामन्तरे वर्तमाना:**
**स्वयं धीरा: पण्डितंमन्यमाना: ।**
**दन्द्रम्यमाणा: परियन्ति मूढा**
**अन्धैनैव नीयमाना यथान्धा: ॥ ५ ॥**
॥ ૧-૨-૫ ॥

તો વિદ્યામાં રહેવા વાળા અને અવિદ્યામાં રહેવાવાળા. અવિદ્યામાં રહે એટલે અંધકારમાં રહે એટલે સમજ્યા વગરનું જીવન જીવે. એક સમજીને જીવન જીવે ને એક વગર સમજે જીવન જીવે. તો સમજીને જીવે એનું તો કલ્યાણ થાય છે ને વગર સમજીને જીવે એ અવિદ્યાના ખાડામાં જાય, અંધકારમાં ભટકયા કરે તો ધ્યાનથી હવે યાદ રાખો.

**સ્વયં ધીરાઃ પણ્ડિતંમન્યમાનાઃ ।**

અહીં બે શબ્દો કહે છે ધ્યાનથી યાદ રાખો. રહે છે એ અંધકારમાં, પણ માને છે પોતાને બહુ જ્ઞાની, હોય છે એ અજ્ઞાની પણ માને છે પોતાને જ્ઞાની એટલે ભગવાને અર્જુનને કહ્યું-

**અશોચ્યાનન્વશોચસ્ત્વં, પજ્ઞાવાદાંશ્ચ ભાષસે,**
**ગતાસૂનગતા સૂંશ્ચ, નાનુશોચન્તિ પણ્ડિતાઃ ।**

કે'હે અર્જુન ! તું તો વાતો તો મોટી મોટી પંડિતો જેવી કરે છે પણ કામ તો મૂર્ખા જેવુ.....' એમ આ પ્રાણીઓ પણ પોતાને સમજે છે કે મારી જેવો કોઈ દુનિયામાં ડાહ્યો નથી.

**તમે ચતુરાઈએ નિત્ય ચાલો છો,**
**ત્હમે મુરખ થઈને મહાલો છો;**
**ઘેલાં ઘરમાં ખોટ બહુ ઘાલો છો;**
**મન મહારાજા (૨),**
**મનુષા પદ પામ્યા પણ માંહિથી શું મળ્યું,**
**કરે રાત દિવસ મ્હારું ત્હારું,**
**કીધું સો મણ તેલે અંધારું;**
**સુખ માને શા જીવ્યા સારું;**
**મન મહારાજા....**
(ધીરા ભક્ત)

**દ્રષ્ટાંત :-**

અંધકારમાં રહે છે એનું ધ્યાનથી યાદ રાખો એકવાર અમદાવાદથી કોઈ શેઠને મુંબઈ જવાનું થયું અને ટ્રેનમાં રાત્રે લાઈટ ચાલી ગઈ. સામાન જયારે મુકતા હતા ત્યારે કોઈકની બીજાની પેટી પોતાના માથે મૂકી દીધી અને પોતાની પેટી હતી એ પડી રહી અંધારામાં કંઈ સૂજયું નહિ કે પોતાની છે કે પારકી છે ? તો અંધારામાં ફાં ફાં મારતા મારતા એમનામ પારકી પેટી સોફા નીચે મૂકી અને શેઠ સૂતા રાતમાં વચમાં વચમાં પેટી જોયા કરે, છેને બરોબર, છેને બરોબર. તો ખૂબ પેટી સાચવી. મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન આવ્યું ત્યારે જે ભાઈની પેટી હતીને એ ભાઈ કહે લાવો શેઠ ધન્યવાદ તમે બહુ સારી પેટી સાચવી ઓલો કહેવા લાગ્યો કે આ તો મારી પેટી છે. શેઠ ! પણ તમને અંધારામાં દેખાણું નહિ એટલે તમારી નથી. તમે છે પારકાની, પણ એમાં પ્રેમ કરી રહ્યા છો. તો શેઠ કહે કે તમારી છે એ કેમ ખબર ? તો પેલો (જેની પેટી હતી તે) કહે કે તમારી હોય તો ખોલો, ચાવી લગાવો તમારી. તો એની પાસે ચાવી હતી એ લાગી નહિ. પછી જોયું તો આ પેટી તો મોટી છે ને પેલી પેટી તો નાની હતી. શેઠે કહ્યું કે તમારી પાસે છે ચાવી ? પેલો કહે હા, મારી પાસે છે ચાવી. એણે ચાવી લગાડી ખોલી તો અંદરથી કપડા નીકળ્યા ડાયરી નીકળી એનો સામાન બધો... એટલે શેઠને પ્રેમથી છોડી દેવી પડી.

**ક્રમશ...**

# અભ્યાસ અને અધિકાર

લેખક – શિવ

॥ જય સચ્ચિદાનંદ ॥

આજકાલ કેળવણી તરફ જનતાનું ધ્યાન ખેંચાયું છે, અને ખેચાવું પણ જોઈએ.

કેળવણીથી જ મનુષ્ય -જીવન યથાર્થ બને છે. પરંતુ જેટલું ધ્યાન પરીક્ષામાં પાસ થવામાં તથા પાસ કરવામાં રોકાય છે તેટલું ધ્યાન તેની લાયકાત વધારવામાં નથી રખાતું એ ખરેખર દુઃખની વાત છે. આ જ કારણથી ઘણા ઉચ્ચ ખાદીધારી સજ્જનોમાં પણ સાચી સમજનો અભાવ હોય છે. પરીક્ષાના આખરી દિવસોમાં પાઠ ગોખીગોખીને પાસ થનાર વિદ્યાર્થી, મોટે ભાગે, જીવનવ્યવહારમાં નિરૂપયોગી નિવડે છે.

જીવતરનું સાચું ઘડતર તો કેવળ શિક્ષણથી પણ નથી થતું આજકાલ કલા પર ખૂબ જોર આપવામાં આવે છે; જીવનકળા, લેખનકળા, વકતૃત્વકળા, સાહિત્યકળા વગેરેમાં પારંગત થવાના અનેક પ્રયાસો થઈ રહ્યા છે. ભગીરથ મહેનત કરનારા માનવીઓ વિજયને પણ વરે છે. કોઈ એક વિષય પર લાંબો લેખ લખીને, છટાદાર ભાષણ સંભળાવીને અને હૃદયસ્પર્શી કાવ્યરચના કરીને તેઓ ઘડી-બે-ઘડી જનતાને મુગ્ધ બનાવીને આંજી નાખે છે. પરંતુ સ્વાનુભવ વિના, એકલી કળા તેમના જીવનનું માત્ર બાહ્ય પ્રદર્શન જ હોય છે. નિર્જીવ શરીરની જેમ તેનાથી કોઈ ફાયદો થતો નથી.

વેદાંતવિદ્યાશારદ વિદ્વાનો વેદાન્તની પ્રત્યેક પ્રક્રિયાઓનું બારીકમાં બારીક વિવેચન કરી શકશે, પરંતુ તેમનાં આચરણમાં મોટું મીંડું હશે - તેઓ જાતે જ શોકસમુદ્રમાં ગોથાં ખાઈ રહેલા જણાશે. તેમનું વેદાંત કેવળ અધ્યયન, શાસ્ત્રાર્થ અને લોકપ્રદર્શનની જ વસ્તુ હશે. આ જ દશા 'ભકિત'ની ઉપાધિ (ડિગ્રી) મેળવનાર 'કહેવાતા' ભકતોમાં પણ જોવા મળશે. વ્યાસપીઠ પર ભકિતભાગીરથીનો અસ્ખલિત પ્રવાહ વહેવડાવશે.

આ બહારનો દેખાવ છે.

તુલસીદાસ, સૂરદાસ, દાદૂ દયાળ, કબીરજી, મીરાંબાઈ વગેરે ભકતકવિઓની કવિતામાં અને કેવળ કવિતાના ભાવથી, સૌંદર્યની દ્રષ્ટિથી કાવ્યરચના કરનારાએનાં મહાકાવ્યોમાં આ જ મુખ્ય તફાવત છે. સંભવ છે કે કલાની નજરે તેમની કવિતા, ઉપરના કવિઓને ટક્કર મારે તેવી હશે; પરંતુ ભકતહૃદય જેવા સ્વાનુભવનો રણકાર તેમાં કયાંથી સંભળાય ?

જ્ઞાન, ભકિત, યોગ, વૈરાગ્ય, ધર્મ અને વિજ્ઞાનાદિ વિષયોમાં આ જ કારણથી ગુરૂ અને શિષ્યના અધિકારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ કંઈ બજારમાં વેચાતી ચીજો નથી. તેથી આ તમામ વિષયો ગુરૂમુખ દ્વારા અભ્યાસ કરવા જેવા ગણાય છે.

જયારથી અનુભવ વિનાના માણસોએ, કેવળ પુસ્તકિયા કે ગોખણિયા જ્ઞાનને આધારે અહીંતહીંથી સામગ્રી એકઠી કરીને, લખવાનું તથા ઉપદેશ આપવાનું શરૂ કર્યું ત્યારથી જ આ બધી 'બજારની ચીજો' બની ગઈ અને ત્યારથી જ તેમની કિંમતનો પારો નીચે ઊતરતો ગયો. ભાવશૂન્ય લેખો અને વ્યાખ્યાનોમાં શ્રદ્ધા રાખીને જેમણે તદનુસાર આચરણ કર્યું છે તેમને કંઈ જ વિશેષ ફાયદો થયો નથી; બલ્કે, સાચું કહીએ તો, તેમની શ્રદ્ધાનો છોડ આથી કરમાઈ ગયો છે.

વર્ષોનાં વર્ષો સુધી કઠિન તપસ્યા અને કઠોર સાધના દ્વારા, ગુરૂકૃપા અને ભગવત્કૃપા વડે જેમણે તત્ત્વજ્ઞાન મેળવ્યું છે અને તપ તથા સાધના દ્વારા તત્ત્વનું જ્ઞાન મેળવવાની જેઓ જિજ્ઞાસા ધરાવે છે તે લોકો સાંભળવાના સાચા અધિકારી છે.

આજે આ બંનેનો લગભવ સંપૂર્ણ અભાવ હોવાથી અસલી આનંદ મળતો નથી.

બધી બાબતોમાં બનાવટનું બજાર પૂરજોશમાં ચાલુ હોવાથી બાહ્ય દેખાવ પર લોકો મોહિત થઈ જાય છે. અંદર જોવાની તકલીફ જ કોઈ લેતું નથી. કોણ કેવું સુંદર બોલી શકે છે, કોણ કેવું સરસ લખી શકે છે, કોણ કેવી અદ્‌ભુત કાવ્યરચના કરી શકે છે તેના તરફ જ લોકોનું લક્ષ ખેચાયું છે. સાચા અનુભવી હૃદયવાળા મહાપુરૂષોની કોઈ શોધ કરતું જ નથી. પરંતુ એ એક નિયમ છે કે , સાચા અનુભવી સિવાય તત્ત્વજ્ઞાન કદાપિ નહિ સાંપડે. જે મનુષ્ય જે વિષયમાં નિપુણ છે તે મનુષ્ય બીજા વિષયોમાં ભલે ભોટ હોય, કલાની દ્રષ્ટિએ તેની ભાષા ભલે ભૂલભરેલી હોય, છતાં તત્ત્વ મેળવનારે તેની પાસે ગયા વિના છૂટકો જ નથી. ચિત્રકાર, સંગીતકાર યા અન્ય કોઈ કળાકાર ભલે શુદ્ધ સંસ્કૃત યા અંગ્રેજી ભાષામાં પોતાના વિષયનું સમર્થન ન કરી શકે, પરંતુ તેમની વિદ્યાનું જ્ઞાન

સંપાદન કરવા માટે મોટા મોટા દિગ્ગજ વિદ્વાનોને પણ તેમનાં ઘરનાં પગથિયાં ઘસવા પડે છે, રાજા મહારાજાઓ અને મહાકવિઓ પણ શારીરિક રોગનું નિવારણ કરવા માટે અનુભવી વૈદનું શરણું શોધે છે.

વાસ્તવિક રીતે તો, જગતમાં અનુભવીની જ બલિહારી છે.

વિદ્યા યા કલાનો તેમાં સહયોગ હોય તો 'સોનામાં સુગંધ' ભળવા જેવું થાય છે.

તુલસી, સૂર, કબીર ઈત્યાદિ ભકતોમાં આ બંને વસ્તુઓ ભરપૂર માત્રામાં ઉપલબ્ધ હતી.

જેને અનુભવ છે તેની પાસે કદાસ આવડતનો અભાવ હોય, કદાચ બીજાઓને તે આટલો લાભ ન આપી શકતો હોય યા બીજાને આકર્ષિત ન કરી શકતો હોય, છતાં તેણે તત્ત્વજ્ઞાનરૂપી પારસમણિ તો મેળવી લીધો છે.

અનુભવવિહોણી વિદ્યા નિશ્ચેતન શરીર જેવી નિરર્થક છે.

અનુભવ મેળવવા માટે જ માણસે મથવું જોઈએ; અને અનુભવની પ્રાપ્તિ પછી જ તત્ત્વ સંબંધી જાહેરમાં કંઈક બોલવું યા લખવું જોઈએ. આથી શ્રોતાવર્ગ પર સારી છાપ પડે છે અને પ્રચારનો હેતુ પણ સરે છે. જો આમ નહિ બને ને કેવળ કલાની ઓથે અનુભવ વિનાના લેખો, ઉપદેશો, ભાષણો અને કવિતાઓનો શબ્દલાલિત્યભર્યો પ્રવાહ ચાલુ જ રહેશે તો, 'સૂકાની ભેગું લીલું બળે' એ કહેવત પ્રમાણે, અનુભવી મહાપુરૂષોનાં વચનની પણ કિંમત ઘટી જશે અને તેમને મેળવવાનું, તેમને ઓળખવાનું અને સમજવાનું બહુ જ મુશ્કેલ બનશે.

પ્રત્યેક વિષય પર પ્રત્યેકનો બોલવાને હક્ક નહિ સ્વીકારવાનું આ જ મુખ્ય કારણ છે. પરંતુ આજની તો દશા જ કોઈ વિચિત્ર છે ! ચાલુ જમાનામાં તો મિથ્યાવાદી પરમ સત્ય પર, વિષયી વેદાન્ત પર, કાયર શૂરવીરતા પર, વ્યભિચારી બ્રહ્મચર્ય પર બોલતાં અને લખતાં જરાય અચકાતા નથી ! માત્ર ધાર્મિક ક્ષેત્રમાં જ આવી પરિસ્થિતિ પ્રવર્તે છે એવું નથી, લગભગ તમામ ક્ષેત્રમાં આવા ગરબડગોટા વળી રહ્યા છે. પરિણામ એ આવ્યું છે કે, સામાન્ય માણસ ખરા-ખોટાની પરખ કરી શકતો નથી.

## સ્વરૂપની મસ્તીનો આનંદ

**કેશવભાઈ ગીગાભાઈ ભરોડિયા (પાલડી)**

આપણે બધા સાક્ષાત્ પરબ્રહ્મ જ છીએ, તે આપણા ગુરુજીએ આપણને સરળતાથી સમજાવ્યું છે. આપણા બધાનું સ્વરૂપ મન, વાણીથી અગોચર છે. તેને સાક્ષાત્ સરસ્વતિ દેવી લખવા બેસે તો પણ પૂરું વર્ણન કરી શકે નહીં. વેદ પણ લજજાવાન થઈને કથન કરે છે, જ્ઞાનીઓ, યોગીઓ, સાધુઓ, ભક્તો પણ આપનો જ મહીમા ગાય છે, છતાં તેને પામી શકતા નથી. એ આપણે બધા સમજયા છીએ અને પૂજ્ય સ્વામીજીએ પણ સરળ શબ્દોમાં કહ્યું છે કે,

**સચ્ચિદાનંદ રૂપ તારું રે, સમજી લેજે,**
**દેહને ન માનીશ મરું રે, સમજી લેજે.**

જે જે ક્રિયાઓ કરીએ તે વખતે પૂછતા રહીએ કે ક્રિયા કરાવનાર કોણ છે ? અને હું કોણ છું ? તો દરેક ક્રિયા વખતે સાક્ષાત્ થયા કરશે સાક્ષાત્ જ છે. એટલું સમજાશે કે ક્રિયા કરાવનાર મન અને પ્રાણ છે અને ઈન્દ્રિયો દ્વારા દેહથી કર્મ થાય છે અને આપણે તો સાક્ષાત્ 'સાક્ષી' થઈ આ ક્રિયાઓ જોય કરીએ છીએ - અનુભવ્યા કરીએ છીએ.

**જન્મ મરણ દેહના ધર્મ રે જાણો,**
**ભુખને તરસ પ્રાણને થાય રે,**
**ઉત્તર શાણા શિષ્યો રે સાંભળો...**
**સુખને દુઃખ મનના ધર્મ રે જાણો,**
**આત્મા તો શુદ્ધ સુખરૂપ રે,**
**ઉત્તર શાણા શિષ્યો રે સાંભળો...**

આપણામાં રાગ દ્વેષ, સુખ-દુઃખ, ભૂખ-તરસનો સ્પર્શ નથી, પણ ઘણા કાળથી ખોટો અભ્યાસ થઈ ગયો છે અને તે જ અધ્યાસ છે; તેથી બધી ગરબડ થઈ ગઈ છે. તેથી જયાં ત્યાં દોડા દોડ, ફલાણા પાસે જાઉં તો ત્યાં શાંતિ મળે, આ વાંચુ આ જોઉં, આ ખાઉં, તે ખાઉં, આમ પેદા કરું, તેમ પેદા કરું, આમ દાન કરું, તેમ દાન કરું, આમ ઉપદેશ કરું, તેમ ઉપદેશ કરું વગેરે વગેરે બધા મનના ધખારા (રમત) છે. બાકી કંઈ મળવાનું છે જ નહીં તેથી જ કહ્યું છે કે,

**મન તો માયાનો છે રે મજુર,**
**હડીયું કાઢે પણ હરી તો જડે નહીં રે.**

આપણે પોતે જ શાંત સ્વરૂપ છીએ શાંતિ

શોધવા જઈશું તો શાંતિ ગુમાવવાના. આપનામાં શાંતિની કમી છે ? સાધુ થઈ કપડાં બદલશું તેથી કાંઈ વધી જવાનું નથી. 'સાક્ષી'ભાવ પણ અંતઃકરણ છે ત્યાં સુધી જ છે. બાકી અંતઃકરણાદિ ન હોય ત્યારે પણ આપ તો છો જ. શું લખું, શું બોલું, કાંઈ અક્કલ કામ કરતી નથી. આ જ્ઞાની આ અજ્ઞાની, આ ભક્ત, આ અભક્ત, આ યોગી, આ અયોગી. બધાનું એક જ સ્વરૂપ છે. કોણ મોટું ને કોણ નાનું ? હું પ્રગતિ-અપ્રગતિથી પર છું, હતો અને રહેવાનો. હવે પહેલી ચોપડી, કાઈ સ્કુલ કે કોલેજમાં જવાની, રહેવાની ઈચ્છા નથી. બહુ ભમ્યો, હવે વધુ જાણવાની કાંઈ ઈચ્છા થતી નથી જેને માટે દોડાદોડ થતી હતી તે 'હું' પોતે જ છું. કેવો આનંદ ! અરે, આનંદ એ પણ હૃદયના ધર્મો છે આપણે બધા આનંદ સ્વરૂપ છીએ. આપણે બધા ભાવોથી પર છીએ એટલે જ નરસિંહ મહેતા એ કહ્યું છે કે,

**અખિલ બ્રહ્માંડમાં એક તું આત્મા,**
**જુજવે રૂપે અનંત ભાસે,**
**દેહમાં દેવતું તેજમાં તત્ત્વતું,**
**શુન્યમાં શબ્દ થય વેદ વાસે, અખિલ...**

આપણી અંદર આખું બ્રહ્માંડ અને બ્રહ્માંડો રહ્યાં છે. આપણા પ.પૂ.સ્વામીજી જેવા કોઈક વીરલા જ આપણને આપણું યથાર્થ સ્વરૂપ ઓળખાવે છે. ઘણાખરાં પોતપોતાના મતમતાંતરમાં ફસ્યા છે. બધાનું એ જ સ્વરૂપ છે કોણ કહી શકે કે આપણે અમુક છીએ કે અમુક છે. જે જે બોલો તે સંસારનું સ્વરૂપ છે; આપણું નહિ જ. માનવાનું હોય તે માને. ન માનવાનું હોય તે ન માને. છતાં એમ જ છે અનુભવવા જેવું છે, તેમાં જ મસ્ત થવાનું છે આંતર સમજાયું તો પછી મજા છે સુખ-દુઃખ, રાગ-દ્વેષ, મારું-તારું બધું જતું રહેશે; સગાં-વહાલાં, શત્રુ-મિત્ર, બધું જ સમાન થઈ જશે પ.પૂ.સ્વામીજીએ કહ્યું જ છે કે,

**શત્રુ મિત્રને સમાન ગણવા,**
**કોઈ જીવ હાથે ન હણવા,**
**ચિત્ત વૃત્તિને શાંત કરીને,**
**સાચી શાંતી ભોગવતો જા...આવ્યો છે.**

આપ બધાને શું કહું ? સ્વતંત્રતામાં વિચરો, વિચરી રહ્યા છો, અરે, તે પણ નહિ ! કેમ કહું ? શું કહું ? છતાં એટલું તો, જયાં સુધી શરીર છે ત્યાં સુધી, કહી શકો કે, બધું જ મારામાં છે. ભજન, કિર્તન, યોગ, જ્ઞાન વગેરે બધું ફિક્કું લાગે છે. છતાં તે રૂપે 'હું' જ રહ્યો છું બધાં મને જ શોધી રહ્યાં છે. યોગીનો યોગ, ભક્તોનો પ્રેમ જ્ઞાનીઓનું જ્ઞાન, એ સર્વે આપણે જ છીએ. એ સત્ય છે કેમ બધા માનશો કે બહું ઊંચી વાત. બહું ઊંચી વાત કહીને પોતાને નિર્બળ જ અનુભવ્યા કરશો ? યાદ રાખજો કે, આ શરીર મનની દ્રષ્ટિની વાત જ નથી. કદાશ ખોટું લાગે તો ક્ષમા કરશો. બહુ રમ્યા, બહુ ખેલ્યા પણ મજા ન આવી હવે તો આ નવો ખેલ ખેલીએ. આ અખતરો કરી જોવા જેવો છે. બધા મારી અંદર ખેલે છે. સૂર્ય, ચંદ્ર, બધા તારાગણો અને નક્ષત્રો, મન આનંદ આપવા પ્રકાશી રહ્યા છે. હું બધાને જાણું છીં એ પણ એક દ્રષ્ટિ છે. બાકી નથી જાણવા જેવું કે નથી ન જાણવા જેવું રાજા-મહારાજાઓ, યોધ્ધાઓ કે કવિઓ એ બધા મારાં નામ-રૂપ વાળાં મારાં રમકડાં છે. આ ભાવ લાવી જરા મજા તો લઈ જુઓ. પછી તો પૈસા આવ્યા કે ગયા શરીર કે શરીરો આવ્યા કે ગયાં, બ્રહ્માંડોની લક્ષ્મી આવી કે ગઈ તેની કોને પરવા છે ? દુનિયામાં ચારેકોર અંધાધુધી ચાલી રહી છે, કેવો પૈસાનો ને માણસોનો ધુમાડો થઈ રહ્યો છે ! બધું સાફ થવા બેઠું છે ! ન પૂછશો કે આમ કેમ ? એ તો એમ જ પ્રત્યક્ષ પ્રમાણમાં અનુમાન કરવાની શી જરૂર ? વર્તમાન અનુભવો; ભૂત અને ભવિષ્યનો શો વિચાર ? જે થશે તે જોશું ! નથી હસવાપણુ કે નથી રડવાપણું, એક ઉદાસીન (મોઢું ચઢાવેલો નહિ, અંદર મસ્ત જેવો સમાન સ્થિતી વાળો) જેવો લાગે છે ! નથી જ્ઞાની લાગતો; નથી અજ્ઞાની લાગતો; નથી ભક્ત લાગતો; નથી અભક્ત લાગતા; નથી યોગી કે નથી અયોગી; નથી રાગવાળો કે નથી દ્વેષવાળો; નથી સુખી કે નથી દુઃખી, પોતાના આનંદમાં મસ્ત !

**॥ શ્રધ્ધાંજલી ॥**

પીપળીયા (સ્વામીના) ગામના સ્વ. મુળજીભાઈ રામજીભાઈ ગાબાણી (ઉ.વ. ૮૫) સંવત ૨૦૭૧ ભાદરવા સુદ ૧૦, તા. ૨૩/૦૯/૨૦૧૫ ને બુધવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

# જીવાત્માની બ્રહ્મ સાથે એકાત્મતા

જયેશ તુલસીભાઈ વાલાણી
(ચમારડી)

॥ જય સચ્ચિદાનંદ ॥

અથ આરતીમાં ગુરુ મહારાજે વેદરૂપી વૃક્ષ પરથી લીધેલી ફૂલ સમાન ચાર અવસ્થા.

**''મહાનુભાવજીએ મ્હેર કરી,સમજાવી સર્વે રીત,**
**જાગ્રત સ્વપ્ન સુષુપ્તી રે, મુને ભાસ્યો રે;**
**મુને ભાસ્યો છે તુરીયાતીત-બ્રહ્મગુરુ...(૪)''**

આપણા ઋષી-મુનીઓએ મનુષ્યના મનની ચાર અવસ્થાઓ વેદોમાં ખુબ સારી રીતે વર્ણવી છે. જેને આપણા ગુરુ મહારાજે જે અથ આરતીનાં ચોથા શ્લોકમાં વર્ણવી છે.

-જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય.

જાગ્રત અવસ્થામાં જીવ પાંચેય ઈન્દ્રિયોથી જાણકારી મેળવી રહ્યો હોય છે, તે આંખો વડે જુએ છે. કાન વડે સાંભળે છે. જીભ વડે સ્વાદ મેળવે છે. નાક વડે ગંધ મેળવે છે અને ચામડી દ્વારા સ્પર્શ અનુભવે છે, માણસ વિચારે છે કે આ પાંચ ઈન્દ્રિયોથી તેને મળતું જ્ઞાન સત્ય છે. આ જ્ઞાન માટે દરેક જીવ જવાબદાર છે, પરંતુ એ કહેવું મુશ્કેલ છે કે આ જ્ઞાન સત્ય છે કે આભાસી છે.

ઋષિઓ કહે છે કે જીવ જાગૃત અવસ્થામાંથી સ્વપ્નાવસ્થામાં અને સ્વપ્નાવસ્થામાંથી જાગૃત અવસ્થામાં આંટા માર્યા કરે છે. જે રીતે એક માછલી એક કાંઠાથી બીજા કાંઠે કયાય સ્પર્શ કર્યા વગર પાછી ફરે છે. એક જીવ માટે જાગૃત અવસ્થા એ ચાર અવસ્થાઓમાંની એક અવસ્થા છે એટલે આપણે એવું કહી શકિયે નહીં કે જાગૃત અવસ્થામાં મેળવેલું જ્ઞાન જ સાચું જ્ઞાન છે અને બાકિનું મિથ્યા છે, જીવ જયારે જાગૃત અવસ્થામાં હોય છે ત્યારે તેને મળતું જ્ઞાન બાહ્ય પ્રજ્ઞા કહેવાય છે. આ અવસ્થામાં જીવ ઉપર જણાવેલી પાંચ ઈન્દ્રિયો સહિત સત્તર પાસામાંથી જ્ઞાન મેળવે છે. સત્તર પાસાઓ જેમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ પ્રાણ અને બે આંતર ઈન્દ્રિયો એટલે કે મન અને બુધ્ધિ. આ અવસ્થામાં રહેલા જીવને વૈશ્વાનર કહે છે.

સ્વપ્નાવસ્થા જીવની. બીજી અવસ્થા સ્વપ્ન અવસ્થા કહેવાય છે. જયારે જીવ સ્વપ્નાવસ્થામાં હોય છે ત્યારે જાગૃત અવસ્થામાંના અનુભવો ભૂલી જાય છે અને નવું જ વિશ્વ નિર્માણ કરે છે. આ અવસ્થામાં જીવની પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો આરામમાં હોય છે. પાંચ પ્રાણ અને બે આંતર ઈન્દ્રિયો મન અને બુધ્ધિ કાર્યરત રહે છે.

ઉપનિષદો કહે છે કે સ્વપ્ન જોનાર જીવ પોતાને બહોળા જગતથી જુદો પાડે છે અને પોતાની આભાથી સ્વઆભા નિર્માણ કરે છે. જીવ રથ, રસ્તાઓ, તળાવો, કુવાઓ, નદિઓ, આનંદ વગેરે સર્જે છે, જયાં હકિકતમાં આવું કંઈ નથી. સ્વપ્ન જોનાર જ કર્તા છે. વળી, અન્ય ઋષીઓ કહે છે કે સ્વપ્નમાં જીવ સાંભળે છે અને જુએ છે. કે જે તેણે જયાં ત્યાંથી સાંભળેલું અને જોયેલું છે. જોયેલું અને ન જોયોલું સાંભળેલું અને ન સાંભળેલું બધું જ અનુભવે છે. જુદી જુદી જગ્યાઓએ જાય છે, પીવે છે, મજા કરે છે. આ અવસ્થામાંના જીવને તૈજસ કહે છે, કારણ કે તે સ્વયં પ્રકાશિત થઈ જાય છે. આ અવસ્થામાં તે કશાથી લિપાતો નથી તેથી પાપ રહિત છે. (બૃહદારણ્યક ઉપનિષદ)

સુષુપ્તિ આ ત્રીજી અવસ્થા છે. ગહન નિદ્રા જેને આપણે ગાઢ નિંદ્રા પણ કહિયે છીએ. આ અવસ્થામાં જીવ પોતે જ સક્રિય છે. તેને કશાની ઈચ્છા નથી. તે પોતાને શરીરથી જુદો જોતો નથી પોતાને એક જ અનુભવે છે. સુષિપ્તિમાં રહેલા જીવને પ્રજ્ઞા પણ કહે છે. આ અવસ્થામાં જીવ પોતાને જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, મન, પ્રાણમય કોષ, મનોમય કોષ અને વિજ્ઞાનમય કોષથી જુદો કરી લે છે. આ સમયે જીવ પોતાને બ્રહ્મમાં લીન કરી દે છે. એક ગરુડ જેમ લાંબા સમય સુધી ઉડયા પછી થાકિને પાંખો સંકોરીને નીચે પડે છે તેમ જીવ બધી ઈચ્છાઓ અને સ્વપ્નોને ત્યજીને આરામ કરે છે. આ દરમિયાન મન અને બીજી ઈન્દ્રિયો નાશ પામતી નથી, તેઓ અલિપ્ત રહે છે અને જયારે જીવ જાગી જાય છે ત્યારે પાછી આવી જાય છે.

તુરીય આ ચોથી અવસ્થા છે, જેમાં જીવ જ ફક્ત સક્રિય હોય છે. જીવ જે પ્રાણીમાત્રમાં જોડાઈ ગયેલ હોય છે તે બ્રહ્મનું જ એક સ્વરૂપ છે. જે કાંઈ બ્રહ્મ વિષે કહેવામાં આવે છે, તે બધું જ જીવાત્માં

તુરીય અવસ્થામાં હોય તેના માટે કહેવાય છે, પણ સ્વપ્નાવસ્થામાં માણેલ પરમસુખ આપણને જાગૃત અવસ્થામાં યાદ રહેતું નથી, જ્યારે આ પરમસુખ સમાધિમાં માણી શકાય છે અને એવું જાણવામાં આવ્યું કે આ પરમસુખ-આનંદ સમાધિમાંથી જાગ્રત અવસ્થામાં આવ્યા બાદ પણ માણી શકાય છે, ત્યારે આ જીવાત્માની ચોથી સ્થિતી સમજવામાં આવી.

આ રીતે યોગીઓ દ્વારા જીવાત્માની બ્રહ્મ સાથેની એકાત્મતા અવસ્થાને તુરીય અવસ્થા કહે છે, જે ઉપનિષદોમાં વિસ્તારથી સમજાવ્યું છે. વિજ્ઞાન જેને કોષ કહે છે તે જીવનાં મનોમન કોષને વૈશ્વાનર કહે છે, પ્રાણમય કોષને તૈજસ કહે છે, જ્ઞાનમય કોષને પ્રાજ્ઞ કહે છે અને આનંદમય કોષને તુરીય કહે છે.

અસ્તું...

## નિષ્કામ કર્મથી મળે છે પુણ્ય...

સંદિપભાઈ એલ. દેસાઈ
(જીવાપર)

આ સંસારમાં પ્રત્યેક વ્યક્તિની અંદર સ્વયંને અધિક શ્રેષ્ઠ, અધિક સુંદર કંઈક વિશેષ પ્રદર્શિત કરવાનો ગુણ છુપાયેલો છે. તેને મહત્ત્વપુર્ણ દેખાવાનો શોખ પણ કહી શકાય આ કારણે પ્રત્યેક વ્યક્તિ એવીજ કોશિશમાં રહે છે કે કેવી રીતે બધાની નજરમાં ઊંચો ચડી જાવ અને બીજાની નજરમાં સારા દેખાવા માટે, પોતાની છબી બનાવવા માટે જો એ વ્યક્તિએ અનૈતિક કાર્ય પણ કરવું પડે તો તે પણ કરવા તૈયાર થઈ જાય છે અને તે પોતાની ભવિષ્યભુમિ પર કાંટા વાવતો રહે છે, એનું પરિણામ કેટલું દુઃખદાયી હશે તેના વિષે જરા પણ વિચાર કરતો નથી.

જે પોતાના કાર્યને જેટલા સુંદર બતાવે છે તે તેટલો શ્રેષ્ઠ કહેવાય છે. પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી છે. સત્ય તો એ છે કે જે કોઈ વસ્તુ બહારથી જેટલી સુંદર બતાવવામાં આવે છે કે દેખાય છે તે અંદરથી પણ એટલી જ સુંદર છે ? જો હા તો તેનાથી સર્વોતમ બીજુ કંઈ જ નથી અને જો ના તો તે એક પ્રકારનો આડંબર છે. જે આપણી અંતઃચેતના પર એવું આવરણ ચડાવી દે છે કે જેની નીચે આપણી મૌલિકતા છુપાઈ જાય છે અને તેને દુર કરવા આપણે કઠોર મહેનત કરવી પડે છે.

દેખાડાની લાલચમાં કરવામાં આવેલા સારા કાર્ય પોતાની દિવ્યતા અને તેનાથી અર્જિત પુણ્યસંપદાને ખોઈ બેસે છે. આજની આ દુનિયામાં લોકો સારા દેખાવા ઈચ્છે છે પણ સારું કાર્ય કરવા નથી ઈચ્છતા. ખુદને ખરાબ કહેવાની હિંમત નથી એટલે લોકો કહે છે જમાનો ખરાબ છે. વ્યક્તિની અંદર પાપ કર્મોની સંપદા એકત્ર થઈ જવાથી તેના જીવનમાં બિમારીઓ, અસફળતા, નિરાશા, અશાંતિ કલહ બની જાય છે અને તેનું જીવન નરક જેવું થવા લાગે છે, પાપકર્મ પોતાની સાથે રોગ, શોક, યતન, નિંદા અને તિરસ્કાર લઈને આવે છે. આ બધા દુર્ગુણો પાપકર્મોથી બહાર નીકળવાનો એક જ માર્ગ છે પ્રભુ પ્રાર્થના. પ્રભુપ્રાર્થના પણ નિસ્વાર્થ ભાવે કાંઈ પણ બદલાની ભાવના વગર કરવી જોઈએ. પ્રભુ પ્રાર્થના અને સત્સંગ જ આ કળીયુગમાં સાચા વિચારો તથા સારા કાર્યો કરવાની પ્રેરણા તથા માર્ગ બતાવે છે. આપણે આખી જીંદગી મહેનત કરીને ગમે તેટલું ધન, ધાન્ય કે સંપત્તિ ભેગી કરીએ પણ અંતે તો સાથે શું લઈ જવાના ? આપણે કરેલા સારા કાર્ય તથા દાનપુણ્યથી કમાયેલા કર્મો જ સાથે આવવાના બાકી ખાલી હાથે જ જવાના,

**दुलभं त्रयमेवैतद् देवानुग्रहहेतुकम् ।**
**मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥**

અર્થાત મનુષ્ય જન્મ, મુક્તિની ઈચ્છા અને મહાપુરુષોનો સંગ આ ત્રણ વસ્તુ પરમાત્માની કૃપા પર નિર્ભર રહે છે. આપણને આ અતિદુર્લભ એવો મનુષ્ય જન્મ અને તેથી વિશેષ મહાપુરુષ એવા વંદનીય શ્રી ગુરુજીનો સંગ મળ્યો છે તો જ્ઞાનરૂપી ગંગાના સત્સંગમાં ડુબકી લગાવી આપણા પાપકર્મોનો નાશ કરી ગુરુજી આપણને સાચો જ્ઞાનનો માર્ગ બતાવે છે તે માર્ગે ચાલીને આ મનુષ્યજીવનને ધન્ય બનાવીએ.

॥ પરમ પૂજયશ્રી સદ્‌ગુરૂજી અખંડાનંદ સાગરજી મહારાજના ચરણોમાં કોટી કોટી વંદન ॥

**સદ્‌ગુરૂજી એ કૃપા કરી મંત્ર આપ્યો મોઘા મૂલનો**
**અંતર ભીંજાણા ભાવમાં શબ્દ સૂણ્યો બ્રહ્મનાદનો**

પૂર્વના પૂર્ણથી સમરથ સદ્‌ગુરૂજી મળીયા છે ને પ્રભુની અસીમ કૃપાથી ગુરૂજીએ અમારા ઉપર મહેર કરી જેનું વર્ણન ન થઈ શકે એવો મહામંત્ર આપી અજ્ઞાન અંધારૂ ટાળી જ્ઞાન રૂપી પ્રકાશ આપ્યો છે તેથી જ સંત જીવન પર ઉપકારી કહેવાય છે માતા પિતા કરતાં અધિક પ્રેમ ભાવ આપી આત્માનો અનુભવ કરાવી અંતરને ભાવથી ભીંજવી દીધા છે ને અમુલખ વસ્તુની ઓળખાણ કરાવી છે તેથી જ હર શ્વાસમાં ને રોમેરોમમાં રણકાર આપી નિજ સ્વરૂપની ઓળખાણ કરાવી અખંડ આનંદ આપ્યો છે.

**મેં તો શબ્દ રૂપિ બીજ રોપીયાં,**
**વાવ્યા મારા ઘટડાની માંય,**
**ગુરૂજી એ બિજ આપિયાં.**

જે કોઈ જીજ્ઞાસુ જન સદ્‌ગુરૂજીના શરણે જઈ ગુરૂજીનું વચન લઈ અંતર ઘટમાં તેનું રોપણ કરી તેનું જતન કરે તો અખંડ આનંદના સુખની પ્રાપ્તી થાય છે.

**એરે બીજતો છે મોઘા મૂલનાં**
**જેનું જતન કરે છે સ્વ દેવ...ગુરૂજીએ...**

ગુરૂજીનો મહામંત્ર છે તે બહુ મોંઘા મૂલનો છે તેનાથી મનુષ્ય જીવન શું છે તેની સમજણ આવે છે ને જીવમાંથી શિવ સ્વરૂપ બનાવે છે એટલે સર્વે દેવો પણ તેનું સમરણ કરે છે.

**સત્સંગનાં જળ તેમાં સીંચીયાં**
**વિવેક રૂપી ખાતર સંટાય...ગુરૂજીએ...**

સંતોના સંગમાં રહેવાથી ને સત શબ્દનો સાર પીવાથી આત્માને તેનું પોષણ મળે છે ને વિવેક બુધ્ધિ આવે છે તેનાથી સારો સંગ મળે છે ને સત કાર્ય થાય છે તેથી જ ગુરૂજીના વચનનો વિકાસ થાય છે.

**નાભી રે કમળમાં મૂળ નાખીયાં,**
**ડાળીયો પહોંચી છે આકાશ...ગુરૂજીએ...**
**વૈરાગ્ય રૂપિ આંબો ફાલીયો,**
**જ્ઞાન રૂપિ આવેલાં ફળ...ગુરૂજીએ...**
**એરે ફળ તો સંતોએ ચાખીયાં,**
**ફળખાધાને થયા છે ચકચૂર...ગુરૂજીએ...**

ગુરૂજી જે શબ્દ આપે છે તેની સમજણનાં મૂળ નાભીમાં જાય છે ને અનુભવ રૂપિ ડાળીયો આકાશે જાય છે ને વૈરાગ્ય રૂપિ પાંદડા ફુટે છે ને તેનાથી વિરાટ સ્વરૂપનો આનંદ મળે છે ને તેમાંથી જ્ઞાન પ્રગટ થાય છે. જેમ પ.પૂ. સદ્‌ગુરૂ સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની કૃપાથી અત્યારે આપણા મોટા સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ જે આપણને જ્ઞાન આપી આનંદનો અનુભવ કરાવી રહ્યા છે તે આનંદ સદાય સુખ આપવા વાળો છે.

**સુરતા સમાઈ ગઈ શબ્દમાં,**
**ત્યારે અરસ પરસ ઓળખાય...ગુરૂજીએ...**
**અખંડાનંદ સદ્‌ગુરૂજીની કૃપા થકી,**
**મુક્તાનંદ પામ્યો છે વિશ્રામ...ગુરૂજીએ...**

જેમ નદી સાગરમાં સમાઈ જાય છે તેવી જ રીતે આપણી સુરતા સદ્‌ગુરૂજીના શબ્દોમાં સમાઈ જાય ત્યારે અરસ પરસની ઓળખાણ થાય છે. ત્યારે જ સંતોએ કહ્યું છે કે,

**ગુરૂ સમાણા શિષ્યમાં શિષ્ય કું લગ રહા નહિ,**
**બીસુડયા બિસડે નહીં એક પ્રાણ દો દેહ,**

ત્યારે જ આપણે અત્યારે મોટા સ્વામીશ્રીને પ.પૂ. સદ્‌ગુરૂ સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજના સ્વરૂપમાં નિહાળી રહ્યા છીએ અને એજ પ્રકાશ સર્વમાં છે દરેક ઘટમાં તેનો જ રણકાર ગુંજી રહ્યો છે તો ગુરૂજી એ કૃપા કરી આત્મ સ્વરૂપની ઓળખાણ કરાવી છે ને મુક્ત બનાવ્યા છે ને ગુરૂજીની કૃપાથી અખંડ આનંદની જે મોજ માણી રહ્યા છીએ. આત્મા એક ઈશ્વરનો અંશ છે જેમ સૂર્યનું કિરણ છે તે સૂર્યમાંથી પ્રગટ થાય છે ને સૂર્યમાં સમાય છે તે જ રીતે આપણો આત્મા પરમાત્માનો પ્રકાશ છે.

**સૂર્ય ચંદ્રને નવલખ તારા એવા છે સદ્‌ગુરૂજી,**
**અમારા પૂરણ પ્રકાશ અખંડ પૂરનારા રે,**

**સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે ન્યારૂં રે...**

તો આ સ્વરૂપની ઓળખાણ ગુરૂજીએ કરાવી છે ને જીવ દશામાંથી શિવ સ્વરૂપ બનાવ્યા છે એટલે જીવાત્મા વિશ્રામ પામી માયાની મોહ જાળમાંથી મુક્ત થઈ સદ્‌ગુરૂજી ચરણે રહી ગુરૂકૃપાથી જે કંઈ અનુભવમાં આવ્યું છે તે ગુરૂજીની પ્રેરણાથી ને અસીમ કૃપાથી પ્રગટ કરી રહ્યો છું કે સદ્‌ગુરૂજી સર્વને સદ્‌વિચાર આપી સર્વ કાર્યને સફળ બનાવી શરણે આવેલા ને ચરણે સમાવી અખંડ આનંદ મય જીવન બનાવી પ્રેમ ભક્તિ આપે એવી મારી સદ્‌ગુરૂજીના ચરણોમાં પ્રાર્થના સર્વ સંતો ભક્તોને મારા વંદન.

# બાળ કેળવણી (ભાગ-૪)

**લવજીભાઈ કે. સવાણી**
**(નાવડા)**

**।। જય સચ્ચિદાનંદ ।।**

**– અન્ય સાથે તાલમેલ મેળવવાનું શિક્ષણ :**

બાળક આપણું ભવિષ્ય છે, એવું આપણે કહીએ છીએ; પણ આ વાક્ય ત્યારે જ સાર્થક થાય જયારે તે માત્ર કુટુંબનું જ નહીં, પણ એક આખા સમાજના ભવિષ્યનું નિર્માણ કરે. પોતાના માણસોનું કલ્યાણ કરે એ તો સ્વાર્થ કહેવાય, પણ બાળકને પરમાર્થ શીખવવો એજ કેળવણીનો અસલ સિધ્ધાંત છે. તે પારકાનું પણ કલ્યાણ કરે તો જ એ આપણું ભવિષ્ય કહેવાય. સમાજની દિશા અને દશા બન્ને સુધારે તેવી બાળકોને કેળવણી આપવી જોઈએ. એકબીજાની ખામીઓને સ્વીકારી લઈ એકબીજાની મદદથી આગળ વધે એવું શિક્ષણ જ ઉમદા ભવિષ્યનું નિર્માણ કરશે.

**– ધીરજનું શિક્ષણ :**

બાળકને ધીરજ શીખવવી જોઈએ. તેઓ કોઈ પણ બાબતે ઉશ્કેરાટ ન અનુભવે અને ગમે તેવી ઘટનામાં પણ શાંતિથી વિચારી શકે, જવાબ આપી શકે, તે માટે આપણે બાળકોને ધીરજવાન બનાવવા જોઈએ. નહીં તો બાળકો મોટાં થઈને ધીરજ વગરનાં થઈ જાય છે અને મુસીબત નોંતરે છે, એ માટે આ દ્રષ્ટાંત જુઓ-

એક પિતા પોતાના નાના બાળકને ખોળામાં લઈને બેઠા હતા ત્યારે એક કાગડો સામેના ઝાડ પર આવીને બેઠો. બાળકે પૂછ્યું : પિતાજી પેલું શું છે ? પિતાએ કહ્યું : એ કાગડો છે. કાગડો એટલે શું ? પિતાએ કહ્યું : કાગડો એટલે પક્ષી, પક્ષી કોને કહેવાય ? વળી બાળકે સવાલ કર્યો, ત્યારે પિતાજીએ કહ્યું કે પક્ષી એટલે આકાશમાં ઊડે તે. તો બાળક સવાલ કરે છે તે આકાશમાં કેમ ઊડે ? પાંખો હોય એટલે. પાંખો કોને કહેવાય ? આવા સંવાદો ચાલતા જ રહ્યા અને પિતાજી જવાબ આપતા જ રહ્યા.

થોડા વર્ષો પછી બાળક યુવાન થયો. પિતા ઘરડા થયા. કોઈ ઘરે આવ્યું એટલે પિતાજી એ પૂછ્યું : કોણ છે ? ત્યારે દીકરાએ કહ્યું : મારો મિત્ર છે, નામ શું છે ? જયારે આવું પિતાજીએ પૂછ્યું ત્યારે યુવાને કહ્યું : તમે છાનામાના બેસોને, તમારે કંઈ કામ છે જાણીને. કોણ આવ્યું, કેમ આવ્યું, એમ કહી માથું ખાઓ છો ?

તમારા બાળક પાસેથી આવો જવાબ મળશે તો ? આવો જવાબ ન મળે તે માટે અત્યારથી બાળકમાં ધીરજનાં ગુણ શીખવો. આપણા બ્રહ્મલીન સદ્‌ગુરૂ સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજ આ માટે બાળશિક્ષણ ઉપર વધારે ભાર મુક્તા હતા. તેઓ વેકેશનમાં ચાણોદ, વિદ્યાનંગર કે સુઘડ આશ્રમમાં બાળશિબિરનું આયોજન કરતા અને બાળ સંસ્કાર આપતા હાલ સુરત અને ભાવનગરમાં દર રવિવારે ૭ થી ૮ બાળ સંસ્કાર કેન્દ્ર ચાલે છે. તેમાં બાળકોને આરતી, ધુન, પ્રાર્થના, કીર્તન, આસન, દંડવત, પ્રાણાયમ શીખવવામાં આવે છે. સાથે સાથે નાના-નાના પ્રવાસો, પુસ્તક મેળા, રમત-ગમત, ચિત્રકામ, રંગપૂરણીનું પણ આયોજન થાય છે. બાળકોને નાનપણથી સારા સંસ્કારો માટે બાળ શિબિરમાં મોકલો.

**(ક્રમશઃ)**

## સદ્‌ગુરૂનો મહિમા

**ધામેલીચા પાર્થ પ્રવિણભાઈ**
**(નવા નાવડા)**

**''મૂકં કરોતિ વાચાલં પઙ્ગું લઙ્ઘયતે ગિરિમ્ ।**
**યત્કૃપા તમહં વન્દે પરમાનન્દમાધવમ્''**

વેદ શાસ્ત્ર, પુરાણ, સંહિતા, બ્રાહ્મણગ્રંથ, અન્યગ્રંથ. અન્યગ્રંથ ભારતના તત્ત્વજ્ઞાનનું જેટલું સાહિત્ય છે. તે સત્ સાહિત્ય છે. તે બધાનો ઉલ્લેખ છે.

આપણી પરંપરામાં મંગલકાર્યના આરંભમાં મોટા ભાગે આપણે પંચદેવની પૂજા કે સ્થાપન કરીએ છીએ તેમા ગણપતી વિવેકના દેવ, દુર્ગા શ્રધ્ધાની દેવી, શિવ કલ્યાણકારક અને વિષ્ણુ વિશાળ વ્યાપક અને ઊદાર હોય છે. જયારે સૂર્ય પ્રકાશ અર્પણ કરે છે અને પ્રકાશમાં જીવવાનો સંકલ્પ કરવો.

આ પંચદેવની વંદના કરી એમાં પાચદેવ સમાય જાય એવા "સદ્‌ગુરૂ ભગવાનની વંદના કરે છે." સદ્‌ગુરૂ આપણું મૃત્યુ છે- એટલે કે સદ્‌ગુરૂ આપણા મારવા યોગ્ય તત્ત્વને મારી નાખે છે. તેથી જયારે આપણે સદ્‌ગુરૂની પાસે જઈએ ત્યારે ય જુદા હોઈએ છીએ અને જયારે એમની પાસે બેસીને પાછા આવીએ ત્યારે ખુશ્બુથી સભર હોઈએ છીએ.

એટલે કે શિષ્યમાં મારવા યોગ્ય હોય તે તત્ત્વ ગુરૂજી મારી નાખે છે. દુરિતને ખતમ કરી નાખે તે ગુરૂ છે. માટે ગુરૂ મૃત્યુ છે. ગુરૂજીનો પાર પામી શકાતો નથી. પણ પ્યાર અવશ્ય પામી શકાય છે. ગુરૂજી એક એવું સ્થાન છે. જે આપણી બધી નબળાઈઓને ભુલીને આપણો સ્વીકાર કરે છે.

આપણને ગોદમાં લઈને પ્યારથી ભરી દે છે. અર્થવવેદમાં પાંચ સૂત્રો જેમાં ગુરૂમૃત્યુ, ગુરૂવરૂણ, ગુરૂસોમ, ગુરૂઔષધિ અને ગુરૂપંથ છે.

આ પાંચ લક્ષણ બતાવ્યા છે. ભગવાન કૃષ્ણને 'કૃષ્ણમ્ વન્દે જગદ્‌ગુરૂ' કહેવાય છે. એવા પરમાત્મા આપણથી દુર પડે છે અને સદ્‌ગુરૂજી તો આપણી સનમુખ છે. આપણી સાથે વાતો થઈ શકે છે અને પરમાત્મા કૃષ્ણં વન્દે જગદ્‌ગુરૂની સમીપ લઈ જાય છે. ને મોક્ષ અપાવે છે. એવા સમર્થ સદ્‌ગુરૂ ભગવાનને કોટી કોટી વંદન.

## સદ્‌ગુરૂજીને સંદેશો (ભજન)

**વાલજીભાઈ કલ્યાણભાઈ વઘાસિયા**
**પીપળીયા**

મારા સદ્‌ગુરૂજીનો સંદેશો,
લઈ જાજેતું પરદેશી પંખીડા રે...મારા...૧
ઘડીયે ઘડીયે ગુરૂ અખંડાનંદ સાંભરે,
પળ પળ લાખેણી વહી જાય...મારા...ર
ગુરૂ અખંડાનંદ સ્વામીજીને જઈ કહેજે તું એટલું,
સેવકો તમારી જોઈ રહ્યા છે વાટ...મારા...૩
પૂર્વ જનમની લાગી છે પ્રીતડી,
હૈયું મારું હરખે ઉભરાય...મારા...૪
અનેક જનમનો છું હું દુઃખીયો,
ગુરુ અખંડાનંદ આવે તો છૂટો થાવ...મારા...૫
માયાની જાળે રે મને વીંટીયો,
ગુરૂ અખંડાનંદ આવે તો છુટો થાવ...મારા...૬
ભવ સાગરમાં ગોથા હું ખાઉ છું,
મારી બાવડી જાલજો ગુરૂ અખંડાનંદ દેવ...મારા...૭
દાવાનળ લાગ્યો છે મારા દેહમાં,
ગુરૂ અખંડાનંદ આવે તો શાંતિ થાય...મારા...૮
જળ રે વિનાની ઝૂરે જેમ માછલી,
ગુરૂ અખંડાનંદ વિના સેવકો ઝૂરે તમામ...મારા...૯
અરજી સૂણીને વેલેરા આવજો,
વે'લા વે'લા આવજો પીપળીયા ગામ...મારા...૧૦
કર જોડી વાલજી તમારો વિનવે,
ગુરૂ અખંડાનંદ આવે તો આનંદ અનેરો થાય...મારા...૧૧

# પરમાત્મને તત્ત્વથી જાણો

રેખાબેન આર. મચાણી
(ભાવનગર)

॥ જય સચ્ચિદાનંદ ॥

પરમ આદરણીય પરમ કૃપાળુ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામીજી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના ભાવનગર માધવાનંદ આશ્રમે કરેલ સત્સંગ કથા પ્રવચન સાર....

પરમકૃપાળુ પરબ્રહ્મ પરમાત્માની મહતિ અનુકંપાથી માનવજન્મ મળ્યો છે. આપણે સત્સંગ દ્વારા ભક્તિનો લાભ લઈ રહ્યા છીએ. તે ભક્તિના માધ્યમથી જ પરમાત્માને જાણી શકીએ છીએ. ઓળખી શકીએ છીએ. આપણે પરમાત્માને ઓળખીએ છીએ પણ કઈ રીતે ? ડમરુંવાળા, મોરલીવાળા, હજાર હાથવાળા...એમ. ભગવત્ ગીતામાં ભગવાને કહ્યું, હે અર્જૂન મને ભક્તિના માધ્યમથી તત્ત્વથી જાણ અને જાણ્યા પછી તત્ત્વથી પરમાત્માને જોવા અને જોયા પછી મારી અંદર પ્રવેશ કરવો. મારી ભેગા ભળી જવું.

આપણે ભગવાનને જાણીએ છીએ પણ કઈ રીતે ? બે પ્રકારે (૧) સગુણ સાકાર અને (૨) નિર્ગુણ નિરાકાર. એમ જાણીએ છીએ.

નિર્ગુણ નિરાકાર એ દેખાતા નથી. જેને રૂપ નહિ, રંગ નહિ, ચિન્હ નહિ, છતાં બધાનો પ્રેરક દ્રષ્ટા સાક્ષી છે અને બધાના હૃદયમાં રહી બધાને જાણવાવાળો છે. એને જે જાણી જાય છે તેને જન્મ મરણ છૂટી જાય છે. જયાં સુધી ઈશ્વરને તત્ત્વથી જાણવામાં ન આવે ત્યાં સુધી જન્મ-મરણ છૂટતું નથી ગુરૂજી કહે છે તો નક્કી કરો શેના માટે મનુષ્ય શરીર મળ્યું છે ? આપણે બધા જ પુરુષાર્થ મહેનત કરીએ છીએ શેના માટે કરીએ છીએ ? ભાગવતમાં કહ્યું છે બુધ્ધિશાળી લોકોએ એને માટે જ પ્રયત્ન કરવો જે નીચે ન મળે, જે ઉપર ન મળે. તો બોલો એ નીચે અને ઉપર કઈ જગ્યા ? તો કહે છે નીચે એટલે પશુ યોનિ અને ઉપર એટલે દેવ યોનિ. મનુષ્ય જન્મ સિવાય બીજી કોઈ યોનીમાં ઈશ્વર તત્ત્વ પ્રાપ્ત થઈ શકતું નથી. દેવયોનિમાં પણ એ પ્રાપ્ત થઈ શકતું નથી. જે સાધન સંપન્ન સુખી છે એને જે કરવું હોય તે કરી શકે. ધનવાન લોકોને ભજન કરવાનું કહો તો શું કહે ? સમય મળતો નથી. જે સુખી છે એને પણ સમય ન મળે એ જ મોટામાં મોટું દુ:ખ છે. ભગવાનને ભજવાનો સમય સુખ સમયે મળતો નથી.

સમજો, કદાચ શરીરમાં કોઈ રોગ આવેને દુ:ખ આવે તો શું સાંભરે ? ઘડપણ આવે તો શું સાંભરે ? ઘરમાં કોઈ ગણે નહિ, હલાઈ નહિ, ચલાય નહિ, ખવાય નહિ એ વખતે કોણ સાંભરે ? ભગવાન. તો એમ સુખમાં ભગવાન ભજી શકાતા નથી.

દેવતાઓને શરીરમાં રાગે પણ આવતો નથી અહીં માનવ જન્મમાં જાજા ભોગો ભોગવો, વિષય સુખ ભોગવો તો, જાજું ગળ્યું ખાવ તો ડાયાબીટીસ આવે ટીબી થાય વગેરે દુ:ખ આવે એટલે ભગવાન યાદ આવે. ભગવાનનું ભજન થવા લાગે. પણ દેવતાઓ અજર અને અમર છે તેને રોગ થતો નથી. દેવતાને ઘડપણ આવતુ નથી તો એને ભજન સાંભરે ? તો એ આત્મ કલ્યાણ કરી શકે ? તો એના માટે શાસ્ત્રકારો કહે છે. પશુ, પક્ષી યોનિમાં થઈ શકતું નથી. દેવતાઓ કરી શકતા નથી. ભગવાનનું ભજન કરી શકતા નથી. શ્રીમદ્ ભાગવત્માં ગંગાનદીને કિનારે શુકદેવ મુની પરીક્ષીત રાજાને શ્રીમદ્ ભાગવત્ કથા સંભળાવવા તૈયારી કરી રહ્યા છે ત્યારે દેવતાઓને ખબર પડી ત્યારે વિચાર કર્યો કે ચાલો આપણે કથા સાંભળવા જઈએ. પણ જેનું મન સત્સંગમાં સ્થિર થયું હોય, ભગવાનમાં પ્રેમ હોય તો જ થઈ શકે. દેવતાઓને કથા સાંભળવાની ઈચ્છા થાય કેમકે ભગવાનની કથા તો અમૃત સમાન છે તો મહાપુરુષો પાસે જવું હોય તો કેવી રીતે જવાય ? ગુરૂ પાસે જઈએ તો ખાલી હાથે ન જવાય. તેમ દેવતાઓ અમૃતનો ઘડો લઈ શુકદેવ મુનિનાં ચરણમાં મૂકયો અને કહ્યું કે આ અમૃત પરીક્ષીત રાજાને પાન કરાવો. રાજા તો પરમાત્માનું વિશ્વપતિનું સ્વરૂપ છે એટલે એમને અમૃત પાન કરાવો અને એના બદલામાં અમને ભાગવત કથા સંભળાવો. દેવતાઓના મનમાં સ્વાર્થ છે સ્વાર્થ જયા છે ત્યાં અધિકાર નથી. દેવતાઓ

સ્વાર્થયુક્ત છે એક તરફ કાચનો ટુકડો છે એક તરફ મણી છે એમ કાચના ટૂકડા સાથે અમૃતને સરખાવો અને મણીની જગ્યાએ ભાગવત્ કથાને મૂકો. આત્મજ્ઞાન પ્રાપ્ત ત્યારે થાય જયારે અધિકાર હોય. અધિકારી બને.

**''અધિકારીને જ્ઞાન આવે ને આતમ લક્ષ અભંગ,**
**કહે અખો મુમુક્ષુ જનને સદાય ફળે સત્સંગ...**
**સંગત તેને શું કરે...**
**ભાઈ શઠ ન સમજે કાંઈ શાન,સંગત તેને શું કરે ?**
**દાદુર વસતો વારી મધ્યે, ને પેડ કમળની પાસ,**
**કિલ્લોલ કરે જઈ કિચમાં રે,**
**એને ન આવે કમળની વાસ..**
**સંગત તેને શું કરે.''**

આપણે દેડકાની જગ્યાએ છીએ. કમળ સમાન આત્મા છે અને કીચડ સમાન શરીર, હાડકા, ચામડું, મળ-મૂત્રનું છે. આપણે આખો દિવસ શરીરનો આનંદ લઈએ છીએ. હવે આપણી પાસે આત્મા પણ છે અને શરીર પણ છે તો જ્ઞાન લેવાની ના પાડે ? એટલા માટે અધિકારી સાધન ચાર સંપન્ન થાય ત્યારે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાને અધિકારી થાય. વિવેક, વૈરાગ્ય, શમદમ આદિ ષટ્સંપત્તિ, મુમુક્ષત્વ સંપન્ન હોય તે અધિકારી છે. બ્રહ્મજ્ઞાન લેવાનો અધિકારી તે છે. જો સાધન ચાર સંપન્ન હોય તો જલ્દી આત્મ કલ્યાણ માટે જ્ઞાન લઈ શકે. જયાં સુધી અધિકારી ન હોય ત્યાં સુધી અંતઃકરણ શુધ્ધ ન થઈ શકે. એટલે દેવતાઓ સ્વાર્થને લીધે અશુધ્ધ અંતઃકરણવાળા છે. એટલે તે શ્રીમદ્ ભાગવતના અધિકારી નથી. માટે બુધ્ધિશાળી માણસોએ આત્મકલ્યાણ પુરુષાર્થનો પ્રયત્ન કરવો. દેવતાઓને દિવ્ય ભોગ ભોગવવાના હોય, અમૃતનું પાન કરવાનું હોય તેને ભગવાન સાંભરતા નથી. તો આપણને મનુષ્ય જન્મ મળ્યો છે તો એ મનુષ્ય જન્મમાં જ આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.

**''આત્માને ઓળખ્યા વિના રે,**
**લક્ષચોરાસી નહિં તો મટે રે,**
**ભ્રમણાને ભાંગ્યા વિના રે,**
**ભવના ફેરા નહિં તો મટે રે''**

નરસિંહ મહેતાએ સરળ ભાષામાં કીધું છે કે,

**''જયાં લગી આત્મા તત્ત્વ ચિંત્યો નહિ,**
**ત્યાં લગી સાધના સર્વ જૂઠી.''**

આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે તે માટે અંતઃકરણ શુધ્ધ કરવા માટે સાધનો છે જપ, તપ, દાન વગેરે ભગવાન તો સૌને મળેલા જ છે. આત્મા કહો કે પરમાત્મા કહો તે મળેલા જ છે તેમને ઓળખવાના છે. તેના માટે બ્રહ્મને જાણવાની જીજ્ઞાસા કરવી.

**''હારે તારા ઘટમાં ગોવિંદ બોલે,**
**બહાર તેને શીદ ખોળે (૨) જીવલડા''**

ભગવાન છે હૃદયમાં અને ગોતીએ છીએ બહાર

**''અંતરમાં છોડીને બહાર કયાં ભટકયો ?**
**જરા જાગીને જુઓ જીવનમાં...શાને ચિંતા કરે,**
**પ્યારા પ્રભુ બિરાજે તારા તનમાં,**
**શાને ચિંતા કરે છે તું મનમાં''**

ગુરૂજી આગળ સમજાવે છે

**''મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી યમુનાજી,**
**શ્રી મહાપ્રભુજી.''**

બોલો હવે ભગવાન કયાં છે ? સાચું નક્કી કરો. હૃદયમાં છે કે બહાર છે ? ઓળખો અનુભવો.

**''આ અવસરમાં પ્રભુને ઓળખો,**
**જ્ઞાન પામવા તત્પર થાજે જો,**
**ચૂકયો તો ચોરાશીમાં પડયો,**
**એવું જાણી પ્રભુ ગુણ ગાજે જો...**
**આ અવસરમાં પ્રભુને ઓળખો...**
**જેવો સ્વારથમાં શૂરો થયો,**
**એવું પરમારથ આચરતો જો,**
**આ અવસરમાં પ્રભુને ઓળખો...**
**તો તું અવિચળ પદવી પામતો,**
**શાને મરતોને અવતરતો જો...**
**આ અવસરમાં પ્રભુને ઓળખો...**

પ્રભુ કયારે મળશે ? પણ મેળવવાના નથી પ્રભુને ઓળખવાના, જાણવાના છે.

**''સમજયા તેણે લીધો સાર,**
**ગાફલ નર તો ખાશે માર''**
**''સમજણ વિના સુખ નથી જતુને''**

તો કહે છે શરીરનું સુખ એ સુખ નથી

**''ચાર દિવસની ચાંદની ફિર અંધેરી રાત''**
**''અંતે રંગ પતંગ જાશે ઉતરી,**
**કાચી કાયા નહિ આવે કશે કામ,**
**અવસર આવો નહિ મળે.''**

તો ગુરૂજી કહે છે શરીર, મન બુધ્ધિ

પરમાત્માએ આપ્યા છે એ બુધ્ધિથી સમજવા માટે પ્રયત્ન કરવો. તો વિચારો કે મને ભગવાને મનુષ્ય શરીર આપ્યું છે શેના માટે ? શરીરના કલ્યાણ માટે કે આત્મના કલ્યાણ માટે મર્યા પછી શરીરનું શું થશે ? બાળી દેશો પણ જીવને કયાં જવું પડશે ? જીવની ગતિ શું થશે ? એના માટે,

**''કાલ કરંતાં આજ કર, આજ કરંતાં અબ,**
**મૂળ વિનાનું દોગડુ, ગીર જાયેગા કબ.''**

એટલે પરિક્ષીત રાજાને તો નક્કી છે સાતમા દિવસે મૃત્યુ છે એટલે કથા સાંભળવા બેઠા પણ આપણે તો એ પણ નક્કી નથી. સવારે ઉઠીશું કે નહિ તે નક્કી નથી. એટલે કહે છે.

**''કરવાનું તે આજ કરી લે,કાલે શું થનાર જીવડા,**
**તેની કોઈને ખબર નથી.''**

એટલે જ પરમાત્માની કૃપાથી સુંદર માનવ જન્મ મળ્યો છે તો માનવ શરીર, મન અને બુધ્ધિ વડે આત્માનું કલ્યાણ કરવા પુરુષાર્થ કરવો. પરમાત્મા સૌને આત્મકલ્યાણના ભાગીદાર બનાવે.

**''સર્વત્ર સુખીના સન્તુ સર્વે સન્તુ નિરામયા''**

## મધર્સ ડે

જીગ્નેશભાઈ દામજીભાઈ માંગુકીયા
(દડવા)

વિશ્વભરમાં મધર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે મધર્સ ડે નિમીત્તે આદ્ય શંકરાચાર્ય ભગવાનના માતા સાથેના પ્રસંગનો ઉલ્લેખ કરવો જ પડે જેમાં આદી શંકરાચાર્ય અંતીમ શ્વાસ લઈ રહેલા તેમના માતાને સ્ત્રાંત દ્વારા ભગવાન શ્રી કૃષ્ણનું દર્શન કરાવ્યું હતું. આ પછી આદી શંકરાચાર્યે પોતાની યોગ શક્તિથી અગ્નિ પ્રગટાવી માતાને અગ્નિદાહ આપ્યો હતો આદી શંકરાચાર્ય ભગવાનને માતા પ્રત્યે આવી અપુર્વ ભક્તિ હતી તેઓ એ પોતાના ભાષ્યમાં માતાની વ્યાખ્યા આપતા કહ્યું છે. પુત્ર ઉપર સમ્યક અનુશાશન કરે એ માતા એટલે કે માતા જ પુત્રની શ્રેષ્ઠ ગુરૂ છે. શંકરાચાર્ય ભગવનનો જન્મ કેરળના કાલડી ગામના મ્બુદ્રી બ્રાહ્મણ કુંટુંબમાં થયાં હતો.

તેમના પિતાનું નામ શિવગુરૂ અને માતાનું નામ આર્યામ્બા હતું શંકરાચાર્ય આઠ વર્ષની ઉંમરે વેદાભ્યાસ પૂર્ણ કર્યા બાદ સંન્યાસ લેવા માટે માતાની રજા માંગી હતી પરંતુ વિધવા માતાએ તેમના એકના એક પુત્રને સન્યાસ લેવા આજ્ઞા આપી નહોતી. એવામાં એક દિવસ દિવ નદીમાં મગરે શંકરાચાર્ય ભગવાનનો પગ પકડયો હતો. શંકરાચાર્ય ભગવાને માતાને બુમ પાડીને કહ્યું કે માં મગરના મોં માંથી હું બચવાનો નથી પરંતુ અંતવેળાએ સન્યાસ ધારણ કરવાનો વ્યવહાર છે માટે તું સન્યાસની રજા આપ રડતા રડતા માતાએ રજા આપી યોગાનું યોગ એજ વખતે મગરે શંકરાચાર્ય ભગવાનનો પગ છોડી દીધો હતો. આ સાથે શંકરાચાર્ય ભગવાને સંસારરૂપી મગરના જડબામાંથી પણ બચી ગયા હતા. છુટા પડતી વખતે માતાએ શંકરાચાર્ય પાસેથી વચન માંગ્યુ કે અંતિમક્રિયા તારે જ કરવી પડશે શંકરાચાર્ય તત્ત્વ જ્ઞાની હોવાની સાથે મહાયોગી હતા એક દિવસ તેઓને દિવ્ય દ્રષ્ટિની ખબર પડી તેમના માતા મૃત્યુ સંધ્યા ઉપર છે. માતાના આપેલા વચન અનુસાર તે ઓ કાલડી પહોચી ગયા. પુત્રને જોઈને માતાએ કહ્યું મને મોક્ષ મળે એમ કર શંકરાચાર્યે ત્યારે માતાને બ્રહ્મનો તત્ત્વજ્ઞાનનો બોધ આપવા લાગ્યા. માતા કહે દિકરા, સગુણ-નિર્ગુણમાં હું કાઈ ન સમજું, શ્રી શંકરે ત્યારે તેમને ચંદ્રમૌલિશ્વરનું રૂપ સમજાવવા માડયુ તો માતા કહે મારૂ મન બેસતુ નથી. ત્યારે શ્રી શંકરાચાર્યે શ્રીકૃષ્ણનું સ્ત્રોત્ર ઉપાડયું આઠ કડીના એ સ્ત્રોત્રને કૃષ્ણાષ્ટક કહે છે. માતાના મનમાં શ્રીકૃષ્ણની સબી રમી રહી છે. જેમ સ્ત્રોત્ર બોલાતું ગયું તેમ ભગવાનના પ્રત્યક્ષ દર્શન થતા માતાએ દેહ છોડયો હતો. હવે માતાનો અગ્નિ સંસ્કાર કરવાનો હતો.

સન્યાસી થઈને શંકરાચાર્ય માતાના દેહનો અગ્નિ સંસ્કાર કરે તે ન્યાતીલાને ગમ્યું નહી.

જડ રૂઢી કે નિયમને વળગી નહી રહેવામાં ચિંતા રચી અને પછી યોગ શક્તિથી અગ્નિ પ્રગટાવી હતી.

## કિર્તન

**ગીતાબેન જયંતીભાઈ સુતરીયા**
**(ભાવનગર)**

સાખી : કોટી જન્મના પુણ્યથી મળીયો મનુષ્ય અવતાર,
ભાવે ભજો સચ્ચિદાનંદ ને સફળ થશે અવતાર
સાખી : કોટી જન્મના પુણ્યથી મળીયા સદ્‌ગુરૂદેવ,
જેની જોડી નવજડે અખિલ ભુવનમાં આજ

મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ,
તેથી મીઠી ગુરૂની છાય રે, ગુરૂની જોડ જગે નહિ જડે રે લોલ...
પ્રભુના એ સ્નેહતણી મૂરતી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે, ગુરૂની જોડ જગે નહિ જડે રે લોલ...
અમી ભરેલી એની આખડી રે લોલ,
અમૃત ભરેલા એના વેણ રે, ગુરૂની જોડ જગે નહિ જડે રે લોલ...
મુખડુ દીસે છે પુર્ણ ચંદ્રનું રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે, ગુરૂની જોડ જગે નહિ જડે રે લોલ...
જગનો આધાર એની આંગળી રે લોલ,
એની આશિષ દે છે મોક્ષ રે, ગુરૂની જોડ જગે નહિ જડે રે લોલ...
ગંગાના નીરતો વધે ઘટે રે લોલ,
સરખો છે પ્રેમનો પ્રવાહ રે, ગુરૂની જોડ જગે નહિ જડે રે લોલ...
દેવોને દર્શન છે દોહયલા રે લોલ,
હૃદયે વસ્યાં સચ્ચિદાનંદ રે, ગુરૂની જોડ જગે નહિ જડે રે લોલ...
હાથ જોડું રે ઘણાં ભાવથી રે લોલ,
હૈયે હરખ ઉભરાય રે, ગુરૂની જોડ જગે નહિ જડે રે લોલ...
ગાવે સેવક ગુણ ભાવથી રે લોલ,
ડુબતા ઉગાર્યો જાલી બાહ્ય રે, ગુરૂની જોડ જગે નહિ જડે રે લોલ...

## કિર્તન

**રસીલાબેન આંબાભાઈ ગાબાણી**
**(પીપળીયા સ્વામીજી)**

મારા સદ્‌ગુરૂજીના ચરણોમાં ગંગા જમના રેવા છે,
જે પ્રેમે ડુબકી લગાવે છે. જ્ઞાનના મોતી મેળવે છે,
જે તન મન ધનથી સેવા કરે છે,
એના અંતરમાંથી પાપ ધોવે છે,
તેના હૃદયમાં પ્રભુ પ્રગટે છે, મન આનંદથી હરખાય છે,
અડસઠ તીરથ ગુરુ ચરણમાં,
જે કોઈ આવે એના ચરણમાં,
એનો સફળ જન્મારો થઈ જાય છે, આવા ગમન એના મટી જાય છે, મારા...
જ્ઞાનનું અંજન સદ્‌ગુરુ આપે,
અજવાળા સ્થાયી તિમિર મિટાવે...
એનો જ્ઞાનનો સૂરજ બતાવે,
ભટકતા જીવને ઉગારે છે, મારા સદ્‌ગુરૂના આનંદ કંદ મારા સદ્‌ગુરુ દેવ છે,
સંતો ભક્તો ઉપર એની મહેર છે,
એતો સુતેલા જીવને જગાડે છે. મારા....
ભવ સાગર પાર ઉતારે છે. માર સદ્‌ગુરુ...

## કિર્તન

સ્મિતા ધનસુખભાઈ દેસાઈ
(ઉખરલા)

મારા મનને મારોને એક ધોલ રે, ગુરૂદેવ બ્રહ્મનામી,
એનું મોઢું ફરી ગોળ રે, ગુરૂદેવ બ્રહ્મનામી...

વિષયે વિષયે ઠેકતું, કંઈક ધરે આકાર,
પળભર પણ જંપે નહિ, દુઃખ દીધા કરે પારાવાર રે...ગુરૂદેવ બ્રહ્મનામી...

પડઘા હૃદયે પાડતું, ખોટા છાકમછોળ,
ધ્યાન સમે એ પાપિયું, મારે માથે વગાડે છે ઢોલ રે...ગુરૂદેવ બ્રહ્મનામી...

કળ-બળથી ટળતું નથી, લાજ ધરે ન લગાર,
દમ શમ જયમ જયમ દાખવો, ઉભરાવે એ વિક્ષેપધાર રે...ગુરૂદેવ બ્રહ્મનામી...

આકુળ વ્યાકુળ થઉ પ્રભુ, સમય તણો બહુ છોછ,
મારુ તેમ વીફરે વધુ, મારે માટે કરોને કોઈ ઉપાય રે...ગુરૂદેવ બ્રહ્મનામી...


મહેનત મિથ્યા થાય છે, ને હૈયે કલેશ અપાર,
શુભમાં પણ અપશુકન કરે, એ દૈત્યને કરો ઝટ ઠાર રે...ગુરૂદેવ બ્રહ્મનામી...

કરવી તો છે સાધના, દમે ન ચિત્ત લગાર,
અણુ-અણુમાં રણકી રહે, નિત્ય ૐ તણા ભણકાર રે...ગુરૂદેવ બ્રહ્મનામી...

## કિર્તન


લતા અરવિંદભાઈ
દડવા

માનવ હવે જાગ માનવ હવે જાગ
ભક્તિ કેરી દ્રષ્ટિ લઈ માનવ હવે જાગ
જીવન તારૂ ફોરમ થઈને મહેકે તે બતાવ
ભક્તિ કેરી સુગંધ કેવી જગને તુ બતાવ
જગને તું બતાવ હિંમતથી બતાવ
કર્મયોગી થઈને સૌના જીવનને બદલાવ...માનવ...
સેવક બનીને માનવ રામ કાજે જાજે
રામ રીજે માનવ એવું કંઈક તો કરી જાજે
કંઈક તો કરી જાજે માનવ જાગી જાજે
પ્રભુને પ્યારો થવા માનવ પ્રભુ કામે જાજે...માનવ...
માનવ કેરો દેહ મળ્યો છે ફરી નહી મળે
દેહ ફરીને માનવ કેરો કેમ કરીને મળે
કૃતિ કર્યાથી મળે રામ રીજવ્યે મળે
અમુલ એવો દેહ માનવનો ફરી નહી મળે...માનવ...
જાગીશ નહી તો જીવન તારૂં થઈ જાશે બરબાદ
જાગવા માટે સંતોએ કર્યા છે પડકાર
નિકળ્યો પડકાર સાંભળ્યો પડકાર
ભક્તિનો દ્રષ્ટિનો સંતોએ જીલ્યો છે પડકાર...માનવ...
માનવ હવે જાગ માનવ હવે જાગ
ભક્તિ કેરી દ્રષ્ટિ લઈ માનવ હવે જાગ



## પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ
## શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

- કથા પ્રારંભ : ભાદરવા વદ ૨ ને મંગળવાર તા. ૨૯/૯/૨૦૧૫
- કૃષ્ણ જન્મોત્સવ : ભાદરવા વદ ૬ ને શનિવાર તા. ૩/૧૦/૨૦૧૫
- કથા પૂર્ણાહૂતિ : ભાદરવા વદ ૮ ને સોમવાર તા. ૫/૧૦/૨૦૧૫
- કથાનો સમય બપોરે ૧ થી ૫ સુધી
- આયોજક : વૈદ્યનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજીત, અલકેશભાઈ એન. જોષી, ઉપેન્દ્રભાઈ આર. દવે, પ્રતીકભાઈ સી. રાવળ, જીમંતભાઈ આઈ. શુકલ, ભીખુભાઈ જે. જોષી, રંજનીભાઈ વ્યાસ, કમલેશભાઈ જોષી
- કથા સ્થળ : સોનીની વાડી, મુ. બોટાદ, તા.જી. બોટાદ.



## પ.પૂ. સ્વામીશ્રી ભુમાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

- ભાદરવા સુદ પૂનમને સોમવાર, તા. ૨૮-૦૯-૨૦૧૫ સુઘડ (ગાંધીનગર), આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમમાં ચાતુર્માસ પૂર્ણાહૂતિ કરશે.
- તા. ૨૯-૦૯-૨૦૧૫ ના રોજ ચાણોદ શ્રી માધવાનંદ આશ્રમમાં પધારશે.



## પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ


- ભાદરવા સુદ પૂનમને સોમવાર, તા.૨૮-૦૯-૧૫ ના રોજ હરિદ્વાર ચાતુર્માસ પૂર્ણાહૂતિ કરશે.
- તા. ૨૯-૦૯-૧૫ ગાંધીનગર અમદાવાદ આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ નભોઈ પધારશે.
- તા. ૦૧-૧૦-૧૫ થી તા. ૨૦-૧૦-૧૫ સુધી દ્વારકા, જામખંભાળીયા, કોડીનાર, મહેસાણા સ્થળોમાં વિચરણ કરશે.



## પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

- ભાદરવા સુદ પૂનમને સોમવાર, તા. ૨૮-૦૯-૨૦૧૫ ચાણોદ શ્રીમાધવાનંદ આશ્રમમાં ચાતુર્માસ પૂર્ણાહૂતિ કરશે.
- તા. ૨૯-૦૯-૨૦૧૫ થી તા. ૦૯-૧૧-૨૦૧૫ સુધી હરિદ્વાર શ્રી માધવાનંદ આશ્રમમાં રોકાણ પધારશે.

# પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- ભાદરવા સુદ પૂનમ સોમવાર તા. ૨૮-૦૯-૨૦૧૫ ના રોજ વસ્તડી ધામમાં ચાતુર્માસની પૂર્ણાહૂતિ કરશે.
- તા. ૨૯-૦૯-૨૦૧૫ થી તા. ૨૧-૧૦-૨૦૧૫ સુધી સૌરાષ્ટ્રમાં વિચરણ કરશે.
- વિશેષ કાર્યક્રમ જણાવવા માટે પ.પૂ.સ્વામીજી મહારાજશ્રીનો ફોન દ્વારા સંપર્ક કરવો.
- તા. ૨૨-૧૦-૨૦૧૫ ને ગુરૂવારે સુરત શહેરના આંગણે પધારશે.
- તા. ૨૭-૧૦-૨૦૧૫ ને મંગળવારે શરદ પૂર્ણિમા મહોત્સવ સુરત મુકામે પરમ પૂજ્યશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.

  **સ્થળ :** શ્રી માધવાનંદ આશ્રમ, કરાડા ગામ, તાપી કિનારે, સુરત.

  **સંપર્ક :** ૯૮૭૯૬ ૭૩૯૨૭ - વશરામભાઈ, ૯૮૯૮૩ ૭૬૬૬૧ - લવજીભાઈ










વસ્તડી ધામનું સૌંદર્ય

# પરમ પૂજય સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીની જન્મભૂમિ

**શ્રી માધવાનંદ આશ્રમ મુ. વસ્તડી, તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર**

: સૌજન્ય :

MANISH PATEL
9426733699

THE HOUSE OF SANITARY WARE
HOME DECOR

V. D. PATEL (ADHEWADA)
9426210149

SHREE RAM
INFRASTRUCTURE
www.shreeraminfras.in

AR. CHINTAN V. SACHAPARA
B. ARCH., C.O.A., 9428401640

CHINTAN SACHAPARA ARCHITECTS
ARCHITECTURE - INTERIOR DESIGN
LANDSCAPE DESIGN - TOWN PLANNING

3, SHAHIBAUG, NEAR PARAG TRAVELS, OPP. PARSI CLUB, WAGHAWADI ROAD, BHAVNAGAR.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
તા. ૩૧-૦૭-૨૦૧૫ થી ૨૮-૦૯-૨૦૧૫ ચાતુર્માસ દરમ્યાન વસ્તડી મુકામે ભક્તોને
શ્રીમદ્ ભાગવત મહાપુરાણ તેમજ શ્રીમદ્ ભગવદગીતાનું કથામૃત પાન કરાવ્યુ હતુ.

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ००४.
ફોન નં.:- ०२૬१ २५३४૬१०

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-